


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૪-૧૧-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક સુદ ૧૩ વર્ષ : ૩૦ અંક ૭૧

# અમરેલી જિલ્લાનાં માર્કેટયાર્ડોમાં ખેતજણસોની મબલખ આવક

## જિલ્લામાં અમરેલી, રાજુલા, સાવરકુંડલા, લીલીયા, બાબરા સહિતનાં યાર્ડોમાં કપાસ, મગફળી અને સોયાબીન સહિતની ભારે આવક



અમરેલી,

અમરેલી જિલ્લામાં સતત માવઠાને કારણે ચોમાસુ પાક નિષ્ફળ ગયો તેમાં રહ્યો સહ્યો પાક તૈયાર થતા હવે માર્કેટયાર્ડોમાં પણ આવવા લાગ્યો છે. પરિણામે અમરેલી જિલ્લાનાં અમરેલી, સાવરકુંડલા, રાજુલા, બાબરા, લીલીયા, ધારી સહિતનાં માર્કેટયાર્ડોમાં ખેત જણસોની ભરપુર આવકને કારણે માર્કેટયાર્ડો છલકાયાની સાથે માર્કેટયાર્ડોમાં ખેડુતો અને વેપારીઓનો ધમધમાટ પણ વધ્યો છે. છેલ્લા એક મહિના પહેલા શરૂ થયેલી સોયાબીનની આવક હવે યાર્ડોમાં ઘટવા લાગી છે. જ્યારે કપાસ અને મગફળીની આવક હજુ પણ

(અનુ. પાના નં.૩)


















## રાજ્ય સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓમાંથી

# રાજુલા તાલુકામાં વિકાસકામોના ખાતમુહુર્ત અને લોકાર્પણ

**રાજુલા તાલુકામાં રૂપિયા ૫,૬૮,૭૮,૬૦૩ નાં ખર્ચે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ તેમજ ખાતમુહુર્તો કરવામાં આવ્યા**

**સરકાર દ્વારા ૬ આવાસો માટે રૂપિયા નવ લાખની તંત્ર દ્વારા મંજુરી અપાઇ**

**રાજુલા તાલુકાના માંડણ ગામે ૮,૭૫,૦૦૦નાં ખર્ચે ગટરનું કામ કરાશે : ૭૪ લાખનું આંગણવાડી બહેનોને ચુકવણું**







રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજયસરકારીશ્રીનીવિવિધ વિકાસ લક્ષી યોજનાઓમાંથી રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં થયેલ વિકાસના કામોનું લોકાપર્ણ અને ખાત મૂર્હતનો શ્રી હિરાભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી, ૯૮ - વિધાનસભા રાજુલા, જાફરાબાદ, ખાંભા લોકાપર્ણ અને ખાત મૂર્હતનો કાર્યક્રમ તારીખ ૧૩/૧૧/૨૦૨૪ સ્થળ પ્રાથમિક શાળા, માંડળ તા.રાજુલા ૯-૦૦ કલાકે યોજવામાં આવેલ જેમાં નીચે અલગ - અલગ યોજના લોકાપર્ણ અને ખાત મૂર્હત કરવામાં આવ્યા હતાં.

ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ,સાંસદ સભ્યશ્રીની ગ્રાન્ટ,૧૫ મું નાણાપંચ, જિલ્લા મંડળ, એ.ટી.વી.ટી,આઈ.સી.ડી.એસ યોજના, સ્વચ્છ ભારત મિશન (એસ.બી.એસ) નરેગા યોજના, પંચવટી સી.ડી.પી-૫ વગેરે ગ્રાનૂટના કામો માંથી રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં થયેલ કામોનું લોકાપર્ણ અને ખાત મૂહૂર્ત કરતા અને આંનદની લાગણી અનુભવતા માતબાર રકમ રૂ.૫,૬૮,૭૮,૬૦૩/-અંકે રૂપિયા પાંચ કરોડ અડસઠ લાખ અઠયોતેર હજાર છસો ત્રણ રૂપિયા જેવી રકમ થાય છે.

આજે માંડળ ગામેથી રાજય સરકારશ્રીની સી.ડી.પી-૫ યોજનામાંથી રૂા.૧૪,૦૦,૦૦૦/- લાખમાં તૈયાર થયેલ નવું ગ્રામ પંચાયત ઘર નું લોકાપર્ણ કરવામાં આવેલ છે.આ સિવાય માંડળ ગામે અલગ અલગ જગ્યાએ ગટર નું કામ રૂા.૮,૭૫,૦૦૦/-અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજારની ગટર ના કામનું આજ ખાત મૂર્હત કરતા પણ કરવામાં છે. આ ઉપરાંત આજરોજ ખુશી અનુભવતા જણાવુ છુ કે, જેઓને માતા યશોદાનું અલગ નામકરણ આપેલ છે એવા સરકારશ્રીની મહિલા અને બાળ વિકાસ યોજનામાં નાના નાના બાળકોનું જેઓએ ઘડતર કરી આજે નિવૃત થયેલ છે તેવી યશોદા માતાઓને નામદાર સુપ્રિમ કોર્ટ અને ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ આંગણવાડી માંથી ફરજ બજાવીને નિવૃત ૮૨ બહેનોને ગ્રેજયુઈટીની રૂા. ૭૪.૦૦ લાખ અંકે રૂપિયા ચુમોતેર લાખ જેવી રકમ નું ચુકવણુ કરતા પણ હર્ષની લાગણી છવાઈ હતી.

આ ઉપરાંત આજરોજ ખુશી અનુભવતા જણાવુ છુ કે સરકારશ્રીની નિરાધાર વૃધ્ધ સહાય, વિધવા સહાય, ગંગાસ્વરૂપા આર્થિક સહાય વગેરેના કુલ- ૧૨ લાભાર્થીઓને મંજુરીના આદેશો એનાયત કર્યા હતાં.

આ ઉપરાત આજરોજ પ્રધાનમંત્રી આવાસના રાજુલા તાલુકાના અલગ અલગ ગામોના સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાના કુલ - ૬ આવાસોની મંજુરી આપતા ખૂબ હર્ષની લાગણી અનુભવીએ છીએ અને એક આવાસની મંજુરીની રકમ રૂા.૧.૨૦ અને નરેગા યોજના ની રૂા. ૩૦ હજાર મળી કુલ રૂા.૧.૫૦ એમ કુલ ૬ આવાસોની રૂા.૯.૦૦ નવ લાખ ની આવાસોની મંજુરી આપતા પણ હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.

## લાઠીની સીમમાં મોબાઈલ ચોરાયો

અમરેલી,લાઠી રામનાથ સોસાયટીમાં રહેતા મયુરભાઈ રસિકભાઈ રાઠોડ ઉ.વ.૪૧ નો સેમસંગ કંપનીનો રૂ/.૧૩,૪૯૦ની કિંમતનો મોબાઈલ લાઠી ચાવંડ રોડ સલીમભાઈ ભંગારીના ડેલા સામે આવેલ વાડીના ઝાપા પાસે કોઈ ચોરી ગયાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## પહેલા પાનાનું ખેતજણસો

માર્કેટયાર્ડોમાં વધવાની શકયતા છે. હાલ લીલીયા માર્કેટયાર્ડમાં દરરોજનાં ૪૦૦ થી ૫૦૦ મણ કપાસની આવક થાય છે. જ્યારે અમરેલી માર્કેટયાર્ડમાં મગફળીની ૧૫ હજાર મણ અને કપાસની ૮ થી ૧૦ હજાર મણ તથા સોયાબીનની ૧૫ થી ૧૬ હજાર મણની આવક છે. અમરેલી સહિતનાં વિસ્તારોમાં ટેકાના ભાવે મગફળીની પણ ખરીદી શરૂ થઈ છે. અમરેલી માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થઈ તેમાં દરરોજ ૫૦ ને મેસેજ આપવામાં આવે છે તેમાંથી પાંચેક ખેડુતો મગફળી વેંચવા આવે છે. હાલ ટેકાના ભાવે અમરેલીમાં ૧૩૫૬ મણની આવક શીંગની થઈ છે. જો કે, હજુ સોયાબીનની આવક પણ યથાવત રહી છે. આગામી દિવસોમાં ઘટવાની શક્યતાઓ છે. સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં મગફળીની ૨૩,૭૦૦ મણ અને કપાસની દરરોજની ૩૫૦૦ મણ તથા સોયાબીનની ૧૪૦૦ મણ જેટલી દરરોજની અંદાજીત આવક થાય છે. છેલ્લા ૧૫ દિવસથી મણફળીની આવક પણ સારા પ્રમાણમાં થઈ રહી છે. રાજુલાનાં માર્કેટયાર્ડમાં હાલ શીંગ ૧૦૧૧ થી ૧૧૭૦ નાં ભાવે વેંચાઈ રહી છે. શીંગની અંદાજીત ૪૩૦ ક્વીંટલ જેટલી અને કપાસની ૨૬૦ ક્વીંટલ તથા સોયાબીનની ૫૫ ક્વીંટલ અંદાજીત આવક હોય છે. કપાસમાં ૧૪૧૧ થી ૧૫૨૫ અને સોયાબીનમાં ૭૫૪ થી ૮૩૧ સુધીનાં ભાવો રહ્યાં છે. જ્યારે ધારી માર્કેટયાર્ડમાં રોજીંદા ૭૫ ક્વીંટલ જેટલી કપાસની અને ૫૨ ક્વીંટલ મગફળી તથા ૧૧ ક્વીંટલ સોયાબીન અને અન્ય ખેત જણસોની આવક છે. આમ જિલ્લાનાં તમામ માર્કેટયાર્ડોમાં ખેત જણસો આવવા લાગતા બજારની આર્થિક સ્થિતિ પણ સુધરી છે. ખાસ કરીને લગ્ન ગાળો તથા ગત ચોમાસા માટે લીધેલું ધીરાણ નવા જુની કરવા ખેડુતો પોતાની ખેત જણસો વેંચવા લાગ્યાં છે. હજુ પણ મોટા ભાગની જણસો ખેડુતોનાં ઘરમાં હોય આગામી દિવસોમાં માર્કેટયાર્ડોમાં ખેડુતોની આવક વધે તેવી શક્યતાઓ નકારી શકાતી નથી.


☎ 94281 90118

॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥



વિન્ટર કલેકશન

ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ

એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી

વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ,
હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...

એક જ ભાવ

ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન

M to 5XL સુધી બધુંજ

UF ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)

સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.



રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

# અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

## દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

## આકર્ષક વ્યાજદરો

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

વિશ્વાસ તમારો અને મહેનત અમારી

## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

• બાયપાસ બ્રાન્ચ •
સિલ્વર શાઈન કોમ્પલેકસ,
રોયલ એમેઝોન સામે,
બાળહનુમાન મંદિર રોડ,
બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ •
સહકાર ભવન, શિવાજી ચોક,
તાલુકા શાળા સામે,
મુ. બાબરા. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ •
રેલ્વે સ્ટેશન પાસે,
ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે
મુ. ધારી. જિ. અમરેલી.
ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯


**Central Bank of India**
**સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા**
1911 से आपके लिए "केंद्रित" CENTRAL TO YOU SINCE 1911

**શાખા ઓફિસ : અમરેલી શાખા**

Ref. No.: તા. ૩૦.૧૦.૨૦૨૪

રજી. પોસ્ટ એ.ડી./ હેન્ડ ડીલીવરી દ્વારા

પ્રતિ,
**(૧) શ્રીમતી કમલાબેન કનુભાઈ રેણુકા (ઉધારકર્તા)**
સરનામું (૧) : માણેકપરા, શેરી નં. ૨, કેરીયા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સરનામું (૨) : રે.સ. નં. ૧૫૦ પી/૧, પ્લોટ નં. ૫૩ બી, શિવલીલા રેસીડેન્સી, હનુમાનપરા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
**(૨) શ્રી જીતેશ કનુભાઈ રેણુકા (સહ-ઉધારકર્તા)**
સરનામું (૧) : માણેકપરા શેરી નં. ૧૨, કેરીયા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સરનામું (૨) : દેવદુત પાન, અમૃત પાર્ક પાસે, વરસડા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
**(૩) શ્રી પ્રકાશભાઈ કનુભાઈ રેણુકા (સહ-ઉધારકર્તા)**
સરનામું (૧) : માણેકપરા શેરી નં. ૧૨, કેરીયા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧

**સિકયુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૨) હેઠળ નોટિસ**

(૧) અમોએ ઉપર દર્શાવ્યા અનુસારની વિનંતી પર એગ્રીમેન્ટ અનુસાર નીચે મુજબની કેડીટ લીમીટની રકમ **રૂા. ૧૨,૨૨,૪૧૩ (રૂપિયા બાર લાખ બાવીસ હજાર ચારસો તેર પુરા)** ની ધિરાણની સગવડો આપી હતી. અને અમારી **અમરેલી શાખા** દ્વારા અપાયેલ વિવિધ કેડીટ ફેસેલીટીની સંપૂર્ણ વિગતો નીચે મુજબની છે.

| લોનનો પ્રકાર | ખાતા નંબર | લોનની રકમ | મંજુરી સમયે વ્યાજનો દર (માસિક લેખે) |
|---|---|---|---|
| CENT HOM FLOATIN UP TO 25 L | ૪૦૦૬૪૩૩૩૬૦ | રૂા.૧૨,૨૨,૪૧૩ | ૮.૩૦% |
| | ટોટલ | રૂા.૧૨,૨૨,૪૧૩ | |

તમે મંજૂર શરતો અનુસાર ઉપરોક્ત લોનની રકમનો લાભ લીધેલ.

(૨) અમે આપને જણાવીએ છીએ કે **તા. ૩૦.૧૦.૨૦૨૪**ના રોજની કુલ લેણી રકમ **રૂપિયા ૧૦,૫૭,૩૫૨ (રૂપિયા દસ લાખ સતાવન હજાર ત્રણસો બાવન પુરા)** + તા. ૩૧.૧૦.૨૦૨૪ થી લાગુ માસિક દરે નીચેના ટકા મુજબ વાર્ષિક દર અનુસાર રીકવરીની તારીખ સુધીનું થતું ચડત વ્યાજ બેંકે ગણતરીમાં લેવાનું થાય છે.

| લોનનો પ્રકાર | ખાતા નંબર | લોનની રકમ (રૂા.) માં | વ્યાજનો દર (માસિક લેખે) |
|---|---|---|---|
| CENT MORTGAGE T/L | ૪૦૦૬૪૩૩૩૬૦ | રૂા. ૧૨,૨૨,૪૧૩ | ૮.૭૦% |

| એન.પી.એ.ની તા. ૨૯.૧૦.૨૦૨૪ મુજબ બાકી લેણી રકમ (રૂા.) માં | તા. ૩૦.૧૦.૨૦૨૪ સુધીનું અવાસ્તવિક રકમ ઉપાર્જિત વ્યાજ (રૂા.) માં | એન.પી.એ. પછીની રીકવરી રકમ (રૂા.) માં | પેનલ ઈન્ટરેસ્ટ | તા. ૩૦.૧૦.૨૦૨૪ ના રોજની કુલ બાકી લેણી રકમ (રૂા.) માં |
|---|---|---|---|---|
| ૧૦,૪૩,૧૮૫ | ૧૪,૧૬૭ | --- | --- | ૧૦,૫૭,૩૫૨ |
| ટોટલ : ૧૦,૪૩,૧૮૫ | ૧૪,૧૬૭ | --- | --- | ૧૦,૫૭,૩૫૨ |

**તમે આ નોટિસની તારીખથી તમારી સંપૂર્ણ રકમ રૂપિયા ૧૦,૫૭,૩૫૨ (રૂપિયા દસ લાખ સતાવન હજાર ત્રણસો બાવન પુરા)** (જે આ નોટીસની તારીખે વ્યાજ સહિતની બાકી લેણી રકમ દર્શાવે છે) + લાગુ તેના ઉપરનું વ્યાજ સહીતની રકમ ભરવામાં કસૂરવાર ઠર્યા છો.

(૩) તમો આથી, તમારી નાણાં ભરપાઈ કરવાની સંપૂર્ણ જવાબદારીમાં નિષ્ફળ રહ્યાં છો, તેથી અમે તમારા દેવાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલ માર્ગદર્શક સંહિતા અને /અથવા સૂચનો મુજબ અને/અથવા બેંક માટેની માર્ગદર્શક સંહિતા મુજબ **તારીખ ૨૯.૧૦.૨૦૨૪ થી નોન પર્ફોર્મિંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે આપને એ પણ જણાવીએ છીએ કે અમે/ અમારે લેણી થતી આ રકમ ભરપાઈ કરવા આપને વારંવારની ડિમાન્ડ નોટિસો અને મૌખિક વિનંતીઓ કરવા છતાં, આપે આ રકમ ભરપાઈ કરી નથી.

(૪) દેવાદાર/ જામીનદાર/ ગીરોકર્તા હોવાને લીધે તમો ઉપરના નામધારકો પૈસાની ચૂકવણી માટે અમારી વારંવારની વિનંતીઓ/માંગણીઓ છતાં બેંકની લેણી રકમ **રૂા. ૧૦,૫૭,૩૫૨ (રૂપિયા દસ લાખ સતાવન હજાર ત્રણસો બાવન પુરા)** + ઉપર મુજબનાં દર્શાવેલ દર મુજબ માસિક દરે થતું વાર્ષિક ચડત વ્યાજ ભરપાઈ કરવામાં કસૂરવાર ઠર્યા છો. આથી અમોએ સરફેસી એકટ સેકશન ૧૩(૨) હેઠળ **રૂા. ૧૦,૫૭,૩૫૨ (રૂપિયા દસ લાખ સતાવન હજાર ત્રણસો બાવન પુરા)** + તા. ૩૧.૧૦.૨૦૨૪થી નહીં લાગુ પડેલ ઉપર મુજબનાં માસિક દરે થતાં ચડત વ્યાજ સાથેની કુલ રકમની માંગણી કરીએ છીએ.

(૫) આપ જાણો છો કે ઉપરની લિમિટ આપને નીચેની અસ્કયામતો સિકયુરીટી એગ્રીમેન્ટ (સિક્યોર્ડ એસેટ્સ) સામે અમારા દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

| ક્રમ નં. | સિક્યોર્ડ એસેટ્સ /સ્થાવર મિલ્કત / જંગમ મિલ્કતનું વર્ણન |
|---|---|
| ૧ | **મિલકત :** જે **શ્રીમતી કમલાબેન કનુભાઈ રેણુકા** ના નામની છે તે રે.સ. નં. ૧૫૦ પી/૧, પ્લોટ નં. ૫૩ બી, શિવલીલા રેસીડેન્સી, હનુમાનપરા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧ ખાતે સ્થિત છે. વિસ્તાર : ૫૦.૬૫ સ્કે.મી. **ચર્તુસિમા : ઉત્તર :** ૦૬.૧૦ મી. પહોળો રસ્તો, **દક્ષિણ :** પ્લોટ નં. ૫૩ એ ની જમીન, **પૂર્વ :** ૯.૦૦ મી. પહોળો રસ્તો, **પશ્ચિમ :** પ્લોટ નં. ૩૬ની જમીન **તારીખ ૦૪.૦૪.૨૦૧૮ના મોર્ગેજ ડીડ નં. ૧૩૪૬ મુજબ** |

(૬) ઉપર જણાવેલ કારણોસર, અમે આપને અમારા લગતી આપની જવાબદારીઓ અર્થાત્ તા. ૩૦.૧૦.૨૦૨૪ના રોજની લેણી રકમ **રૂા. ૧૦,૫૭,૩૫૨ (રૂપિયા દસ લાખ સતાવન હજાર ત્રણસો બાવન પુરા)** + નહીં લાગુ પડેલ ઉપર મુજબનાં તા. ૩૧.૧૦.૨૦૨૪થી લાગુ માસિક દરે થતાં ઉપર મુજબના વાર્ષિક દરે ચડત વ્યાજ, આ નોટિસની તારીખથી દિવસ સાંઈઠ (૬૦)માં ભરપાઈ કરી જવા જણાવીએ છીએ, જેમાં કસૂર થવાથી અમે સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૪) હેઠળ ઉપર જણાવેલી સિક્યોર્ડ એસેટ્સ સામે અધિકારોનો ઉપયોગ કરીશું. ઉકત કાયદાના સેક્શન ૧૩ હેઠળના અધિકાર ઉપરાંત આ કાયદામાં અમને (૧) દેણું વસૂલ કરવા દેવાદારની સિક્યોર્ડ એસેટ્સનો કબજો લેવાનો, તેને લીઝ, એસાઈન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૨) દેવાદારના ધંધાનું વ્યવસ્થાપન કબજો લેવાનો, તેને લીઝ, એસાઈન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૩) સિક્યોર્ડ એસેટ્સ કે જેનો કબજો બેંકે (સિક્યોર્ડ કેડિટર) લીધો છે અથવા જો તમે તબદિલી કરી હોય તો એ સંબંધમાં, તેના મેનેજર તરીકે કોઈ વ્યક્તિને નીમવાનો અને સિક્યોર્ડ એસેટ્સની કોઈપણ પ્રકારની તબદિલી જેને તબદિલ કરવામાં આવી છે તેના હિતમાં બધા હક્કો કરવા, (૪) કોઈએ જો તમારી પાસેથી સિક્યોર્ડ એસેટ્સ મેળવી હોય અને એની પાસેથી કોઈ રકમ લેવાની હોય કે તમારે લેવાની થતી હોય, અમને (સિક્યોર્ડ કેડિટર) ચૂકવવાની થતી હોય, એટલી રકમ કે જે સિક્યોર્ડ દેણું ચૂકવવા પૂરતી હોય, તેને કોઈ પણ સમયે લેખિતમાં નોટિસ આપવાની સત્તા છે.

(૭) ઉપર જણાવેલ સત્તાનો ઉપયોગ કરીને મળેલી રકમ, પહેલાં તો તમામ પડતર, ચાર્જીસ અને ખર્ચા જે અમારે હિસાબે યોગ્ય રીતે કરવામાં આવેલ છે અથવા આ સંબંધે આકસ્મિક ખર્ચ થયો હોય/તેમાં થશે, બીજું, બેંકે ઉપર જણાવ્યા પ્રમાણે બેંકે લેવાના થતા પૈસા ઉપરાંત આ નોટિસની તારીખથી ખરેખર નાણાં ચૂકવાય તે તારીખ સુધી કરાર મુજબના થતા વ્યાજ સામે ગણાશે. અને જો કોઈ નાણાં બચશે, તો આના સંબંધિત યોગ્ય વ્યક્તિને તેના અધિકાર અને પ્રાથમિકતા મુજબ ચૂકવવામાં આવશે, જો કોઈ વ્યક્તિ પૈસા લેવા માટે યોગ્ય નહીં હોય તો તમને ચૂકવવામાં આવશે.

(૮) એ વાતની આ નોટિસ મળ્યા પછી, કાયદાના સેકશન ૧૩ ના સબસેકશન ૧૩ મુજબ, તમે વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે આ નોટિસમાં જણાવેલ સિક્યોર્ડ એસેટ્સને સિક્યોર્ડ કેડિટરની લેખિત પૂર્વમંજૂરી સિવાય તબદિલ કરી શકશો નહીં. અમે આથી તમારું ધ્યાન દોરવા માંગીએ છીએ કે જો તમે કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન કરશો તો સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૨૯ પ્રમાણે ૧ વર્ષ સુધીની જેલ, અથવા દંડ, અથવા બંને થઈ શકે છે.

(૯) અમે તમને એ પણ જાણ કરીએ છીએ કે સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન હેઠળ અમારી કાર્યવાહી કે પ્રકિયાઓનો હક ઉપરાંત અમે અમારો અધિકાર (૧) અમે તમારી અને /અથવા દેવાદાર પાસેથી બાકી લેણી થતી રકમ વસૂલ કરવા તમે અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ/ કોર્ટમાં જે હોય તે, સમાંતર રીતે દાવો/ અરજી/ કેસ દાખલ કરવાનો, (૨) જો સિક્યોર્ડ એસેટ્સના વેચાણથી કોન્ટ્રેકચ્યુઅલ (કરાર મુજબ) વ્યાજ સાથે બાકીની તમામ બાકી રકમ ભરપાઈ થઈ જાય તો અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ/ કોર્ટમાં જે હોય તે, આગળની કાર્યવાહી કરવાનો/ કરાવવાનો, (૩) કાયદાની જોગવાઈ મુજબ તમે અને/ અથવા દેવાદાર સામે તમારા કમિશન કે ઓમિશનના કાર્ય માટે ગુનો આચરવા બદલ કાર્યવાહી કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે. (૪) બેંક બાકી લેણાના ડિફોલ્ટર તરીકે તમારૂ નામ, તમારા ફોટોગ્રાફ, સરનામા સાથે અખબારો અને/ અથવા સામાયિકો અને / અથવા વેબસાઈટસ ઉપર પ્રસિધ્ધ કરી શકશે.

(૧૦) ગીરવે રાખેલ અસ્કયામતો આપેલ સમયમાં છોડાવવા અંગે દેવાદારના કાયદેસરના વારસદારોનું કાયદા સેકશન ૧૩ના સબ સેકશન (૮)ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

**તારીખ : ૩૦.૧૦.૨૦૨૪,** **- ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી,**
**સ્થળ : અમરેલી** **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

**(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

**Central Bank of India**
**સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા**
1911 से आपके लिए "केंद्रित" CENTRAL TO YOU SINCE 1911

**શાખા ઓફિસ : અમરેલી શાખા**

Ref. No.: તા. ૦૪.૧૦.૨૦૨૪

રજી. પોસ્ટ એ.ડી./ હેન્ડ ડીલીવરી દ્વારા

પ્રતિ,
**(૧) શ્રી શૈલેષ દિનેશભાઈ ગજેરા (ઉધારકર્તા)**
સરનામું (૧) : ગજેરા પરા, કુલનાથ મહાદેવની ગલી સામે, સાવરકુંડલા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
સરનામું (૨) : દુકાન નં. ૧૪, પહેલો માળ, શ્યામ સુંદર કોમ્પ્લેક્ષ, હિરા મોતી ચોક, લેઉવા પટેલ વાડી સામે, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
**(૨) શ્રી રવિ દિનેશભાઈ ગજેરા (સહ-ઉધારકર્તા)**
સરનામું : ગજેરા પરા, કુલનાથ મહાદેવ ની ગલી સામે, સાવરકુંડલા રોડ, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧

**સિકયુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૨) હેઠળ નોટિસ**

(૧) અમોએ ઉપર દર્શાવ્યા અનુસારની વિનંતી પર એગ્રીમેન્ટ અનુસાર નીચે મુજબની કેડીટ લીમીટની રકમ **રૂા. ૫,૫૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા)** ની ધિરાણની સગવડો આપી હતી. અને અમારી **અમરેલી શાખા** દ્વારા અપાયેલ વિવિધ કેડીટ ફેસેલીટીની સંપૂર્ણ વિગતો નીચે મુજબની છે.

| લોનનો પ્રકાર | ખાતા નંબર | લોનની રકમ | મંજુરી સમયે વ્યાજનો દર (માસિક લેખે) |
|---|---|---|---|
| CENT MORTGAGE T LOAN | ૪૦૦૧૮૨૩૪૪૬ | રૂા. ૫,૫૦,૦૦૦ | ૧૦.૮૦% |
| | ટોટલ | રૂા. ૫,૫૦,૦૦૦ | |

તમે મંજૂર શરતો અનુસાર ઉપરોક્ત લોનની રકમનો લાભ લીધેલ.

(૨) અમે આપને જણાવીએ છીએ કે **તા. ૦૪.૧૦.૨૦૨૪**ના રોજની કુલ લેણી રકમ **રૂપિયા ૩,૨૯,૮૦૩ (રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ત્રણ પુરા)** + તા. ૦૫.૧૦.૨૦૨૪ થી લાગુ માસિક દરે નીચેના ટકા મુજબ વાર્ષિક દર અનુસાર રીકવરીની તારીખ સુધીનું થતું ચડત વ્યાજ બેંકે ગણતરીમાં લેવાનું થાય છે.

| લોનનો પ્રકાર | ખાતા નંબર | લોનની રકમ (રૂા.) માં | વ્યાજનો દર (માસિક લેખે) |
|---|---|---|---|
| CENT MORTGAGE T/L | ૪૦૦૧૮૨૩૪૪૬ | રૂા. ૫,૫૦,૦૦૦ | ૧૩.૬૫% |

| એન.પી.એ.ની તા. ૨૮.૦૯.૨૦૨૪ મુજબ બાકી લેણી રકમ (રૂા.) માં | તા. ૦૪.૧૦.૨૦૨૪ સુધીનું અવાસ્તવિક રકમ ઉપાર્જિત વ્યાજ (રૂા.) માં | એન.પી.એ. પછીની રીકવરી રકમ (રૂા.) માં | પેનલ ઈન્ટરેસ્ટ | તા. ૦૪.૧૦.૨૦૨૪ ના રોજની કુલ બાકી લેણી રકમ (રૂા.) માં |
|---|---|---|---|---|
| રૂા. ૩,૨૨,૦૯૦ | રૂા. ૭,૭૧૩ | --- | --- | રૂા. ૩,૨૯,૮૦૩ |
| ટોટલ : રૂા. ૩,૨૨,૦૯૦ | રૂા. ૭,૭૧૩ | --- | --- | રૂા. ૩,૨૯,૮૦૩ |

**તમે આ નોટિસની તારીખથી તમારી સંપૂર્ણ રકમ રૂપિયા ૩,૨૯,૮૦૩ (રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ત્રણ પુરા** (જે આ નોટીસની તારીખે વ્યાજ સહિતની બાકી લેણી રકમ દર્શાવે છે) + લાગુ તેના ઉપરનું વ્યાજ સહીતની રકમ ભરવામાં કસૂરવાર ઠર્યા છો.

(૩) તમો આથી, તમારી નાણાં ભરપાઈ કરવાની સંપૂર્ણ જવાબદારીમાં નિષ્ફળ રહ્યાં છો, તેથી અમે તમારા દેવાને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જારી કરેલ માર્ગદર્શક સંહિતા અને /અથવા સૂચનો મુજબ અને/અથવા બેંક માટેની માર્ગદર્શક સંહિતા મુજબ **તારીખ ૨૮.૦૯.૨૦૨૪ થી નોન પર્ફોર્મિંગ એસેટ** તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે આપને એ પણ જણાવીએ છીએ કે અમે/ અમારે લેણી થતી આ રકમ ભરપાઈ કરવા આપને વારંવારની ડિમાન્ડ નોટિસો અને મૌખિક વિનંતીઓ કરવા છતાં, આપે આ રકમ ભરપાઈ કરી નથી.

(૪) દેવાદાર/ જામીનદાર/ ગીરોકર્તા હોવાને લીધે તમો ઉપરના નામધારકો પૈસાની ચૂકવણી માટે અમારી વારંવારની વિનંતીઓ/માંગણીઓ છતાં બેંકની લેણી રકમ **રૂપિયા ૩,૨૯,૮૦૩ (રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ત્રણ પુરા** + ઉપર મુજબનાં દર્શાવેલ દર મુજબ માસિક દરે થતું વાર્ષિક ચડત વ્યાજ ભરપાઈ કરવામાં કસૂરવાર ઠર્યા છો. આથી અમોએ સરફેસી એકટ સેકશન ૧૩(૨) હેઠળ ઉપર મુજબની રકમ અર્થાત **રૂપિયા ૩,૨૯,૮૦૩ (રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ત્રણ પુરા)** + તા. ૦૫.૧૦.૨૦૨૪થી નહીં લાગુ પડેલ ઉપર મુજબનાં માસિક દરે થતાં (ઉપર મુજબના વાર્ષિક દર અનુસાર) ચડત વ્યાજ સાથેની કુલ રકમની માંગણી કરીએ છીએ.

(૫) આપ જાણો છો કે ઉપરની લિમિટ આપને નીચેની અસ્કયામતો સિકયુરીટી એગ્રીમેન્ટ (સિક્યોર્ડ એસેટ્સ) સામે અમારા દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

| ક્રમ નં. | સિક્યોર્ડ એસેટ્સ /સ્થાવર મિલ્કત / જંગમ મિલ્કતનું વર્ણન | હાઈપોથીકેશન / ડોકયુમેન્ટની વિગત |
|---|---|---|
| ૧ | **મિલકત :** જે **શ્રી શૈલેષ દિનેશભાઈ ગજેરા** ના નામની છે તે સીટી સર્વે નં. ૮૦ પૈકી, ટીક્કા નં. ૯/૩, દુકાન નં. ૧૪, પહેલો માળ, શ્યામ સુંદર કોમ્પ્લેક્ષ, હિરા મોતી ચોક, અમરેલી, તાલુકો + જી. અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧ ખાતે સ્થિત છે. વિસ્તાર : ૧૩.૯૨ સ્કે.મી. **ચર્તુસિમા : ઉત્તર :** લાગુ સર્વે નં. ૭૮, ૭૯ અને ૯૨, **દક્ષિણ :** કોમન પેસેજ, **પૂર્વ :** દુકાન નં. ૧૩, **પશ્ચિમ :** દુકાન નં. ૧૫ | **તારીખ ૨૨.૧૨.૨૦૧૭ના મોર્ગેજ ડીડ નં. ૩૨૫૧ મુજબ** |

(૬) ઉપર જણાવેલ કારણોસર, અમે આપને અમારા લગતી આપની જવાબદારીઓ અર્થાત્ તા. ૦૪.૧૦.૨૦૨૪ ના રોજની બાકી લ્હેણી રકમ **રૂપિયા ૩,૨૯,૮૦૩ (રૂપિયા ત્રણ લાખ ઓગણત્રીસ હજાર આઠસો ત્રણ પુરા)** + નહીં લાગુ પડેલ ઉપર મુજબનાં તા. ૦૫.૧૦.૨૦૨૪થી લાગુ માસિક દરે થતાં ઉપર મુજબના વાર્ષિક દરે ચડત વ્યાજ, આ નોટિસની તારીખથી દિવસ સાંઈઠ (૬૦)માં ભરપાઈ કરી જવા જણાવીએ છીએ, જેમાં કસૂર થવાથી અમે સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૪) હેઠળ ઉપર જણાવેલી સિક્યોર્ડ એસેટ્સ સામે અધિકારોનો ઉપયોગ કરીશું. ઉકત કાયદાના સેક્શન ૧૩ હેઠળના અધિકાર ઉપરાંત આ કાયદામાં અમને (૧) દેણું વસૂલ કરવા દેવાદારની સિક્યોર્ડ એસેટ્સનો કબજો લેવાનો, તેને લીઝ, એસાઈન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૨) દેવાદારના ધંધાનું વ્યવસ્થાપન કબજો લેવાનો, તેને લીઝ, એસાઈન્મેન્ટ કે વેચાણથી તબદિલ કરવાનો હક્ક, (૩) સિક્યોર્ડ એસેટ્સ કે જેનો કબજો બેંકે (સિક્યોર્ડ કેડિટર) લીધો છે અથવા જો તમે તબદિલી કરી હોય તો એ સંબંધમાં, તેના મેનેજર તરીકે કોઈ વ્યક્તિને નીમવાનો અને સિક્યોર્ડ એસેટ્સની કોઈપણ પ્રકારની તબદિલી જેને તબદિલ કરવામાં આવી છે તેના હિતમાં બધા હક્કો કરવા, (૪) કોઈએ જો તમારી પાસેથી સિક્યોર્ડ એસેટ્સ મેળવી હોય અને એની પાસેથી કોઈ રકમ લેવાની હોય કે તમારે લેવાની થતી હોય, અમને (સિક્યોર્ડ કેડિટર) ચૂકવવાની થતી હોય, એટલી રકમ કે જે સિક્યોર્ડ દેણું ચૂકવવા પૂરતી હોય, તેને કોઈ પણ સમયે લેખિતમાં નોટિસ આપવાની સત્તા છે.

(૭) ઉપર જણાવેલ સત્તાનો ઉપયોગ કરીને મળેલી રકમ, પહેલાં તો તમામ પડતર, ચાર્જીસ અને ખર્ચા જે અમારે હિસાબે યોગ્ય રીતે કરવામાં આવેલ છે અથવા આ સંબંધે આકસ્મિક ખર્ચ થયો હોય/તેમાં થશે, બીજું, બેંકે ઉપર જણાવ્યા પ્રમાણે બેંકે લેવાના થતા પૈસા ઉપરાંત આ નોટિસની તારીખથી ખરેખર નાણાં ચૂકવાય તે તારીખ સુધી કરાર મુજબના થતા વ્યાજ સામે ગણાશે. અને જો કોઈ નાણાં બચશે, તો આના સંબંધિત યોગ્ય વ્યક્તિને તેના અધિકાર અને પ્રાથમિકતા મુજબ ચૂકવવામાં આવશે, જો કોઈ વ્યક્તિ પૈસા લેવા માટે યોગ્ય નહીં હોય તો તમને ચૂકવવામાં આવશે.

(૮) એ વાતની આ નોટિસ મળ્યા પછી, કાયદાના સેકશન ૧૩ ના સબસેકશન ૧૩ મુજબ, તમે વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે આ નોટિસમાં જણાવેલ સિક્યોર્ડ એસેટ્સને સિક્યોર્ડ કેડિટરની લેખિત પૂર્વમંજૂરી સિવાય તબદિલ કરી શકશો નહીં. અમે આથી તમારું ધ્યાન દોરવા માંગીએ છીએ કે જો તમે કાયદાની જોગવાઈનું ઉલ્લંઘન કરશો તો સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન ૨૯ પ્રમાણે ૧ વર્ષ સુધીની જેલ, અથવા દંડ, અથવા બંને થઈ શકે છે.

(૯) અમે તમને એ પણ જાણ કરીએ છીએ કે સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ના સેકશન હેઠળ અમારી કાર્યવાહી કે પ્રકિયાઓનો હક ઉપરાંત અમે અમારો અધિકાર (૧) અમે તમારી અને /અથવા દેવાદાર પાસેથી બાકી લેણી થતી રકમ વસૂલ કરવા તમે અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ/ કોર્ટમાં જે હોય તે, સમાંતર રીતે દાવો/ અરજી/ કેસ દાખલ કરવાનો, (૨) જો સિક્યોર્ડ એસેટ્સના વેચાણથી કોન્ટ્રેકચ્યુઅલ (કરાર મુજબ) વ્યાજ સાથે બાકીની તમામ બાકી રકમ ભરપાઈ થઈ જાય તો અને/ અથવા દેવાદાર સામે ડેબ્ટ રિકવરી ટ્રિબ્યુનલ/ કોર્ટમાં જે હોય તે, આગળની કાર્યવાહી કરવાનો/ કરાવવાનો, (૩) કાયદાની જોગવાઈ મુજબ તમે અને/ અથવા દેવાદાર સામે તમારા કમિશન કે ઓમિશનના કાર્ય માટે ગુનો આચરવા બદલ કાર્યવાહી કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે. (૪) બેંક બાકી લેણાના ડિફોલ્ટર તરીકે તમારૂ નામ, તમારા ફોટોગ્રાફ, સરનામા સાથે અખબારો અને/ અથવા સામાયિકો અને / અથવા વેબસાઈટસ ઉપર પ્રસિધ્ધ કરી શકશે.

(૧૦) ગીરવે રાખેલ અસ્કયામતો આપેલ સમયમાં છોડાવવા અંગે દેવાદારના કાયદેસરના વારસદારોનું કાયદા સેકશન ૧૩ના સબ સેકશન (૮)ની જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવે છે.

**તારીખ : ૦૪.૧૦.૨૦૨૪,** **- ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી,**
**સ્થળ : અમરેલી** **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

**(આ નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૪-૧૧-૨૦૨૪ ગુરૂવાર

# ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટનો કોઈપણ જંગ એ યુદ્ધના મોરચાથી જરા પણ ઓછો રોમાંચક નથી

વિશ્વ ક્રિકેટમાં મિની વર્લ્ડકપ મનાતી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટૂર્નામેન્ટ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન પાકિસ્તાનમાં રમાવાની છે ત્યારે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમીને ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરશે એવી વાતો ચાલી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (ભ્મભૈ) એ આ વાતો પર ટાઢું પાણી રેડીને જાહેર કર્યું છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં જાય.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ને પત્ર લખીને પોતાની પાકિસ્તાનમાં નહીં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે ને એ માટે કારણ પણ આપ્યું છે કે, ભારત સરકાર નથી ઈચ્છતી કે, ભારતની ક્રિકેટ ટીમ પાકિસ્તાનમાં રમવા જાય. બીસીસીઆઈએ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને પણ આ અંગે જાણ કરી દીધી છે. આઈસીસીએ પણ પાકિસ્તાનને મેલ કરીને કહી દીધું છે કે, સુરક્ષાનાં કારણોસર ભારતીય ટીમ પાકિસ્તાનમાં રમવા તૈયાર નથી. બીસીસીઆઈએ હાયબ્રિડ મોડેલ પ્રમાણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાની તૈયારી બતાવી છે. હાઈબ્રિડ મોડેલમાં કેટલીક મેચ યજમાન દેશની બહાર યોજવામાં આવે છે. ભારતે આ મોડલ હેઠળ પોતાની મેચ દુબઈમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

બીસીસીઆઈએ પહેલાં પણ પાકિસ્તાનમાં રમવાનો ઈન્કાર કરેલો જ તેથી આ વાતમાં કશું નવું નથી પણ પાકિસ્તાન બઘવાયું છે. જો કે તમાચો મારીને મોં લાલ રાખતાં પીસીબીના ચીફ મોહસિન નકવીએ એવું કહ્યું છે કે, હજુ સુધી અમને લેખિતમાં કંઈ મળ્યું નથી. અમને લેખિતમાં કંઈપણ મળશે તો હું તરત જ મીડિયા અને સરકારને જાણ કરીશ જ. નકવીનો તો એવો દાવો પણ છે કે, અત્યાર સુધી કોઈએ અમારી સાથે હાઈબ્રિડ મોડલ વિશે ચર્ચા કરી નથી ને અમે પણ તેના વિશે વાત કરવા તૈયાર નથી.

નકવીએ આડકતરી રીતે ધમકી પણ આપી છે કે, પાકિસ્તાને તાજેતરના વર્ષોમાં હંમેશાં સારું વર્તન કર્યું છે પણ દરેક વખતે અમારી પાસેથી સારાની અપેક્ષા રાખતા નહીં. નકવીની વાતનો મતલબ એ થાય કે, પીસીબી બીસીસીઆઈ સામે પગલાં લઈ શકે છે અને મીડિયા રિપોર્ટની વાત માનીએ તો પીસીબી બીસીસીઆઈ સામે ઈન્ટરનેશનલ કોર્ટમાં જવાની તૈયારી પણ કરવા માંડ્યું છે. દુનિયામાં સ્પોર્ટ્સને લગતા વિવાદો માટે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (સીએએસ) છે. પીસીબીએ બીસીસીઆઈ અને આઈસીસી સામે સીએએસમાં કેસ કરવાની ધમકી આપી છે. સાથે સાથે ચેમ્પિયન્સ ટ્રોફી પૂરેપૂરી પાકિસ્તાનમાં ના યોજાય ને હાઈબ્રિડ મોડલ અપનાવા કે પાકિસ્તાનથી બહાર રમાડાય તો બહિષ્કાર કરવાની ધમકી પણ પીસીબીએ આપી છે.

પીસીબીએ ભારતની મેચો સલામત સ્થળે યોજાઈ રહી હોવાની દલીલ પણ કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફી ડ્રાફ્ટ શિડ્યૂલ મુજબ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી રમાશે અને બધી મેચ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં રમાશે એવું પાકિસ્તાને ડ્રાફ્ટ શિડ્યૂલમાં કહ્યું છે. પીસીબીએ ટૂર્નામેન્ટના સ્થળ અને કાર્યક્રમનો ડ્રાફ્ટ આઈસીસીને સોંપ્યો એ પ્રમાણે ભારતને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલેન્ડની સાથે ગ્રૂપ-અમાં રાખવામાં આવ્યું છે. ગ્રૂપ-ઈમાં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. ડ્રાફ્ટ શિડ્યૂલ અનુસાર, ભારતની ત્રણ મેચ પૈકીની પહેલી મેચ ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે, બીજી મેચ ૨૩ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે અને ત્રીજી મેચ ૨ માર્ચે ન્યૂ ઝીલેન્ડ સામે યોજાવાની છે. ભારતની બધી જ મેચ લાહોરમાં રમાડાશે એવું પણ પાકિસ્તાને કહ્યું છે.

જો કે ભારતને પોતાની મેચો ક્યારે ને ક્યાં રમાશે તેનાથી બહુ ફરક પડતો નથી. ભારતે સલામતીનું કારણ આપ્યું છે પણ કારણ સલામતીનું નથી એ પણ બધાં જાણે છે. મૂળ વાત એ છે કે, ભારતીય ટીમ પાકિસ્તાનની ધરતી પર રમવા જ નથી ઈચ્છતી ને તેનું કારણ પાકિસ્તાન દ્વારા ભારતમાં ફેલાવાતો આતંકવાદ છે. મુંબઈમાં ૨૦૦૮ના નવેમ્બરમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે ભારતે પાકિસ્તાન સાથેના સંબંધો કાપી નાંખ્યા પછી ભારતીય ક્રિકેટ ટીમ ૧૬ વર્ષથી પાકિસ્તાન ગઈ નથી. ટીમ ઈન્ડિયાએ છેલ્લે ૨૦૦૮માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. ૩ ટેસ્ટ મેચની શ્રેણી ભારતીય ટીમે ૧-૦થી જીતી હતી. આ શ્રેણીની ૨ મેચ ડ્રો રહી હતી.

'ભારતે એ પછી પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરવા પ્રયત્ન કર્યા જ છે. તેના ભાગરૂપે પાકિસ્તાનની ટીમ ૨૦૧૨-૧૩માં ભારત આવી હતી. આ પ્રવાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ વન ડે મેચો અને ૨ ટી-૨૦ મેચ રમાઈ હતી. પાકિસ્તાને વન ડે સિરીઝ ૨-૧થી જીતી હતી જ્યારે ટી-૨૦ સિરીઝ ૧-૧થી બરાબર થઈ હતી. ભારત એ વખતે ફરી પાકિસ્તાન સાથેના સંબંધો સામાન્ય કરવા તૈયાર હતું પણ પાકિસ્તાન ના સુધર્યું અને આતંકવાદ ચાલુ રાખ્યો તેથી ભારતે પછી ક્રિકેટ સંબંધો પર પૂર્ણવિરામ જ મૂકી દીધું.

પાકિસ્તાને એ પછી ભારત સાથેના ક્રિકેટ સંબંધો સુધારવા બહુ પ્રયત્ન કર્યો પણ ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ઘૂસીને ના પાડી દેતાં બંને ટીમ એકબીજાના દેશમાં રમવા જતી નથી. બંને ટીમ માત્ર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ આઈસીસી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ એસીસીની ટૂર્નામેન્ટમાં જ રમે છે. ૨૦૧૩થી બંને ટીમ તટસ્થ સ્થળે ૧૩ વન ડે મેચ અને ૮ ટી-૨૦ મેચ રમી છે પણ એકબીજાની ધરતી પર દ્વિપક્ષીય મેચ નથી રમી. પાકિસ્તાનની ટીમ આ દરમિયાન ભારત રમવા આવી છે પણ ભારતની ટીમ પાકિસ્તાન નથી જ ગઈ.

'પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપ રમવા ભારત આવી ત્યારે ૧૪ ઓક્ટોબરે અમદાવાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ ૭ વિકેટે જીતી લીધી હતી. પાકિસ્તાન ઈચ્છે છે કે, ભારતીય ટીમ પણ આ રીતે કમ સે કમ આઈસીસી કે એશિયા કપ જેવી ટૂર્નામેન્ટ રમવા તો પાકિસ્તાન આવે જ પણ ભારત મચક નથી આપતું. ગયા વર્ષે એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ ભારતે પાકિસ્તાનમાં રમવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આ કારણે ટૂર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારતની મેચો શ્રીલંકામાં યોજાઈ હતી.

ભારતનું વલણ યોગ્ય છે એ કહેવાની જરૂર નથી. પાકિસ્તાનના ઈશારે ભારતની ધરતી પર નિર્દોષોનાં લોહી રેડાય ને આપણે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવા જઈએ એટલા નકટા તો નથી જ. ક્રિકેટ નહીં રમાય તો કોઈ ફરક પડી જવાનો નથી. બીજું એ કે, પાકિસ્તાન પોતે બદલાવા તૈયાર નથી ને ભારતની ધરતી પર આતંકવાદ બંધ કરવા તૈયાર નથી તો ભારત શું કરવા બદલાય?'

## સુંદરકાંડ પરિવાર દ્વારા
# બગસરામાં ત્રિવિધ કાર્યક્રમો યોજાયા
### સ્નેહમિલન, સન્માન અને વિદાય સહિત કાર્યક્રમો યોજાયા



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)બગસરા સુંદરકાંડ પરિવાર દ્વારા નૂતનવર્ષ નિમિતે અહી ના ગુરૂકૃપા શીતલ આઈસ્ક્રીમ ના ગોડાઉન સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં બગસરા મામલતદાર તરીકે બગસરા ના જ સર્વે ધર્મ પ્રતેયે આદર સદ્‌ભાવ રાખતા પ્રશાંતભાઈ ભીંડી બગસરા મામલતદાર તરીકે નિમણુંક પામતા સુંદરકાંડ પરિવાર ના પ્રમુખ કિરીટભાઈ મોદીએ સ્વાગત કરી ફૂલહાર શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુ તેમજ બગસરા મામલતદાર ઓફીસ માં ન્યાબ મામલતદાર તરીકે ફરજ બજાવતા અને સુંદરકાંડ પરિવાર ના નિલેશભાઈ વિસાણી ને બઢતી સાથે મામલતદાર તરીકે મેંદરડા બદલી થતાં તેમને સુંદરકાંડ પરિવાર ના પાણીયાથી જગુભાઈ આયર નિકુંજ લકડ તેમજ પાણીયા થી પધારતા ભાઈઓએ શાલ ઓઢાડી ફૂલહાર કરી વિદાય સન્માન કરવામાં આવ્યું હતું આ તકે બગસરા સુંદરકાંડ પરિવાર ના મોભી શ્રી ચંદ્રહાસભાઈ બસિયા દ્વારા પ્રસંગ અનુસાર પ્રવચન આપેલ તેમજ સુંદરકાંડ પરિવાર ના જમનભાઈ ધોરડા જયાબેન નકુમ શિલ્પાબેન જોષી મિતલબેન ખીરૈયા દ્વારા પોતાના સ્વકંઠે તેમની આગવી શૈલી માં સુંદરકાંડ નું ગાન કર્યું હતું અને બધા ને મંત્ર મુગ્ધ કર્યા હતા આ કાર્યક્રમ ને સફળ બનાવવા સુંદરકાંડ પરિવાર ના નિલેશભાઈ વ્યાસ પિયુષભાઈ ભરખડા ધિરેનભાઈ હિંગુ સહિત ના ભાઈઓએ ભારે જહેમત ઊઠાવી હતી.

# ધારીમાં ગૌમાતા અને શ્વાનને લાડુ પિરસાયા



ધારી, (ઉદય ચોલેરા)ધારી ગામના સદગ્રસ્થ અને આસ્થા ગૌસેવા કેન્દ્રના ગૌસેવક મહેન્દ્રભાઈ લાલજીભાઈ પરમારના આંગણે તા.૧૩-૧૧-૨૪ના રોજ દિકરી તન્વીના શુભ લગ્ન અનુલક્ષીને પ્રેરણારૂપ કાર્ય કર્યુ છે. ધારી ગામના ગોંદરે ગાયમાતા અને શ્વાનને સુરમાના લાડુનું ભોજન કરાવી અનેરી સેવાનું ઉદાહરણ પુરૂ પાડયું હતું. આ પ્રસંગે મહેન્દ્રભાઈ લાલજીભાઈ પરમારની દિકરી તન્વી તેમજ પરમાર પરિવારને આશિર્વાદ પ્રાપ્ત થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૪.૧૧.૨૦૨૪, ગુરુવાર ,સંવંત ૨૦૮૧, કારતક સુદ તેરસ, અશ્વિની નક્ષત્ર સિદ્ધિ યોગ, ગર કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો,દિવસ લાગણી સભર રહે.
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે,નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## એલસીબીનાં પીઆઇ શ્રી અલ્પેશ પટેલની ટીમને સફળતા
# અમરેલી જીલ્લામાં વાહન ચોરીના ચાર ગુનાઓ ડિટેકટ કરતી એલસીબી ટીમ
### વાહન ચોરીમાં બે છકડો રીક્ષા અને બે બાઈક ચોરીનો મુદામાલ કબ્જે કરતી અમરેલીની એલસીબી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર દ્વારા રેન્જના જીલ્લાઓમાં બનતા અનડિટેકટ ગુનાઓ ડિટેકટ કરવા સુચના આપેલ હોય. અમરેલી પોલિસ અધિક્ષક હિમકરસિંહ તથા ઈન્ચાર્જ પોલિસ અધિક્ષક વલય વૈધ દ્વારા જીલ્લામાં મિલકત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી આવા ગુનેગારો પકડી પાડી ચોરીમાં ગયેલ પુરેપુરો મુદામાલ રીકવર કરી મુળ માલિકને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે અમરેલી એસલસીબીના પી.આઈ.એ.એમ. પટેલ.,હે. કોન્સ..કિશનભાઈ આસોદરીયા, મહેશભાઈ મુંધવા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. અરજણભાઈ મુળાસીયા, હરેશભાઈ કુવારદાસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ હતી.અમરેલી નેત્રમ પ્રોજેકટ અંતર્ગત કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સ્ટાફની મદદથી મિલકત વિરુધ્ધના બનાવવાળી જગ્યાના આજુબાજુના તમામ સીસીટીવી કુટેજો ચેક કરવામાં આવેલ.જે અન્વયે મળેલ ચોકકસ બાતમીના આધારે ચોરીના વાહન સાથે ખાંભા તાલુકાના રાયડી ગામના દિલુ દડુભાઈ માંગાણીને પકડી પાડી ચાર વાહન ચોરીના ગુનાઓ ડિટેકટ કરવામાં અમરેલી એલસીબી ટીમને સફળતા મળી હતી.જેમાં એક ભાર રીક્ષા જી.જે.૦૩ઝેડ. ૪૮૭૦ રૂ/.૪૦,૦૦૦, બીજી ભાર રીક્ષા એન્જીન નંબર.આર.૦૪ એચ. ૦૮૯૫ રૂ/.૪૦,૦૦૦ તથા હોન્ડા ડ્રીમ નીયો જી.જે.૬૨ ઈ.૮૧૦૦૪૧૨૯ રૂ/.૨૦,૦૦૦ મળી કુલ રૂ/.૧,૦૦,૦૦૦ નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.જયારે એક મોટરસાયકલ આશરે ૨૫ દિવસ પહેલા સાવરકુંડલા માર્કેટયાર્ડમાંથી ચોરી કરી મોટા ઝીંઝુડા તરફ જતો હોય. તે દરમ્યાન પેટ્રોલ પુરૂ થતા રોડની બાજુમાં ચોરીની મોટર સાયકલ મુકીદીધેલ.જે અંગે ખરાઈ કરતા મોટટરસાયકલ મુળ માલિકને પરત મળી ગયેલ છે.



# અમરેલી જીલ્લામાં કમોતના વધુ બે બનાવો
### અમરેલીમાં પ્રૌઢાનું હાર્ટ એટેકથી, સરસીયામાં અગાસી પરથી પડતું મુકતા પ્રૌઢાનું મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે જીલ્લામાં વધુ બે કમોતના બનાવો પોલિસમાં જાહેર થયા હતા.અમરેલીમાં પ્રૌઢાનું હાર્ટ એટેકથી,સરસીયામાં અગાસી પરથી પડતું મુકતા પ્રૌઢાનું મોત નિપજયું હતું.અમરેલી ગુણાંતિત નગરમાં રહેતી દિપાબેન ગીરીશભાઈ ભખવાડીયા ઉ.વ.૪૦ પોતાના ઘરે આવતી દરમ્યાન અચાનક હાર્ટ એટેક આવી જતા તેમનું મોત નિપજયાનું જયશ્રીબેન રૂગનાથભાઈ કુવાદાએ અમરેલી સીટી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.જયારે બીજા બનાવમાં ધારી તાલુકાના સરસીયા ગામે રહેતી ગુલશનબેન કાળુભાઈ નાડ ઉ.વ.૪૨ ને છેલ્લા એકાદ વર્ષથી માનસિક બિમારી હોય.અને તેની દવા રાજકોટની નાગેચા હોસ્પિટલ ખાતેથી ચાલુ હોય.જેથી માનસિક બિમારીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ઘરેથી નીકળી જઈ ધારી પોલિસ લાઈનના કવાર્ટરની અગાસી પરથી પોતે પોતાની મેળે પડતું મુકતા મોત નિપજયાનું પતિ કાળુભાઈ ગુલાબભાઈ નાડે ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## અબોલ પક્ષીઓની ચણ માટે સેવા પ્રવૃતિનાં હેતુથી
# લાઠી શહેરમાં સોમનાથની સખાતે વીર હમીરસિંહ ગોહિલનું નાટક ભજવાયું
### મહાકાળી નાટક મંડળ લાઠી દ્વારા થયેલું આયોજન



અમરેલી, મહાકાળી નાટક મંડળ લાઠી દ્વારા અબોલા પક્ષીની ચણ માટે સોમનાથ મંદિરમાં ઈતિહાસને ઉજાગર કરતુ સોમનાથ ની સખાતે વીર હમીરસિંહ ગોહિલ નું નાટક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પ્રસ્તુત થયેલ નાટકને નિહાળ્યું. આ કાર્યક્રમમાં અમરેલી લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તલાવિયા લાઠીના ઉદ્યોગપતિ શ્રી મનજીભાઈ ધોળીકિયા, દુલાભાઈ શંકર તેમજ અમરીશભાઈ ડેર, ગિરિશભાઈ ડેર, કિર્તીભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલાના આરકે રોડ લાયન્સમાં યુવાન ઉપર હુમલો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા આહિર સમાજના ગેઈટની સામે આવેલ રોહાની હોટલની નીચે આવેલ આર.કે. રોડલાયન્સ ખાતે સફીરભાઈ ઉસ્માનભાઈ કાબરીયા તથા આરોપીઓ ટ્રાન્સપોર્ટનો એકસરખો ધંધો કરતા હોય. જે વાત આરોપીઓને ગમતી ન હોય.જેથી હફીજ કાદરભાઈ કાબરીયા સફીરભાઈને ફોન કરી ગાળો બોલી તેમની ઓફીસે જઈ લોખંડની એંગલ વડે ઓફીસના કાચ તોડી નુકશાન કરી અમન કાદરભાઈ, જાવીદ યુનુસભાઈ કાબરીયા પાછળથી આવી સફીરભાઈને શરીરે વાસાના ભાગે મુંઢમાર મારી મુંઢ ઈજાઓ કરી ઈરફાન યુનુસભાઈ કાબરીયાએ ઈરફાનભાઈ કાબરીયાને ધકકો મારી દેતા જમણો હાથે અંગુઠાના ભાગે કાચ વાગી જતા મુંઢ ઈજા કરી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દારૂના ધંધો ન કરતા હોય છતા દારૂ માંગતા ના પાડતા બનેલી ઘટના
# રાજુલામાં યુવાન ઉપર હુમલો કરી લૂંટ ચલાવી
### શિવા ધાખડા સહિત ત્રણ શખ્સોએ ઝપાઝપી કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા રાજમંદિર હોટલની સામે તા.૧૨-૧૧ ના મહિપતભાઈ ધીરૂભાઈ વાળા ઉ.વ.૩૨ રહે. છતડીયા તથા હિતેશભાઈ બાબરીયા બંને રાજુલા રાજમંદિર હોટલ પાસે માવો ખાવા માટે ઉભેલ હતા. તે વખતે વડ ગામના શીવા વાલાભાઈ ધાખડા મહિપતભાઈ પાસે આવી દારૂનો ધંધો ન કરતા હોય તેમ છતા તેમની પાસેથી દારૂ વેચાતો માંગતા દારૂ આપવાની ના પાડતા સારૂ નહી લાગતા ગાળો બોલી પોતાની સાથે માણસો લઈને આવું છું. તેમ કહી જતા રહેલ.અને બાદમાં શીવા વાલા ધાખડા, જીગો કુંભાર,વિપુલ નાનજી ચૌહાણ રહે.રાજુલાવાળા બાઈક પર આવી મહિપતભાઈ ઉભેલ ત્યાં તેમનો વિડિયો ઉતારી વિડિયો વાયરલ કરવાની ધમકી આપી શીવાએ જેમ ફાવે તેમ ગાળો બોલી ઝપાઝપી કરી ધકકો મારી નીચે પછાડી દઈ મુંઢ ઈજા કરી ઢસડીને અંધારામાં લઈ જઈ જીગો તથા વિપુલે મહિપતભાઈને પકડી રાખી શીવાએ મહિપતભાઈના ખીસ્સામાંથી રોકડ રૂ/.૧૦,૦૦૦ની લુંટ ચલાવી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા આ બનાવની તપાસ પી.આઈ.વી.એમ. કોલાદરા ચલાવી રહયા છે.

# બગસરામાં શ્રી બ્રહ્માણીધામ દ્વારા પાંચમો પાટોત્સવ-તિથિ ઉજવાઇ
### બ્રહ્માણી ખોડિયાર ચેરીટેબલ ટ્રસ્ટ સુરતનું આયોજન



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)શ્રી બ્રહ્માણી ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા બ્રહ્માણીધામ બગસરા મુકામે તારીખ ૮.૧૧.૨૪ ના પાંચમા પાટોત્સવ મીતી નિમિતે યજ્ઞનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા હિરપરા પરિવારના ભાઈઓ તેમજ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ હિરપરા પરિવારના અગ્રણી ઓનુ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતુ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન હિતેશભાઈ હિરપરા દ્વારા કરવામાં આવ્યુ હતુ શ્રી બ્રહ્માણી ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી બાબુભાઈ હિરપરાએ પધારેલ દરેક ભાઈઓ-બહેનોનો આભાર માન્યો હતો અને દરેક ભાઈઓ-બહેનોને પ્રસાદ લેવડાવેલ હતો.

# સાવરકુંડલા શહેર-તાલુકામાં સરકારી કચેરીઓના કર્મીઓને બદલવાની માંગ
### ત્રણ વર્ષથી વધુ સમયથી રહેલા કર્મચારીઓની તાત્કાલીક બદલી કરો

વિજપડી, (સંજય વાઘેલા)સાવરકુંડલા શહેર તાલુકાના તમામ કચેરીઓમાં ત્રણ વર્ષથી વધુ સમય નિમણુંક પામેલ હોય અને સાવરકુંડલાના વતની હોય તેવા કર્મચારીઓની બદલી કરવા માંગ ઉઠી છે કેટલાંક કર્મચારીઓ વર્ષોથી એક જ જગ્યાએ નિવૃત થાય ત્યાં સુધી પડયા પાથર્યા રહે છે. શાળાઓ, મધ્યાહન ભોજન, આંગણવાડી કેન્દ્રો, રેશનીંગ શોપ વિગેરે જગ્યાએ ઓચિંતા દર મહિને બે ત્રણ વખત તપાસ કરવી જોઈએ. વર્ગ-૨ અને ૧ ના કર્મચારીઓ અધિકારીઓ ચેમ્બર બહાર આવી તપાસ કરે લોકોની વેંદના સમજાય તેમ પુર્વ સરપંચ યાકુબ રસભરીયાએ જણાવ્યું છે. વધુમાં એવું પણ જણાવ્યું છે કે કેટલાંક કર્મચારીઓ ચોક્કસ જગ્યાએ ચિપકી રહેતા હોય છે. અને લોકોના કામો સમયસર થવાના બદલે ધકકા ખાવા પડતા હોય છે. કેટલાંક કર્મચારીઓ કયારે આવશે. તેની રાહ અરજદારો જોતા હોય છે. કેટલાક નિર્દોષ કર્મચારીઓ મનોમન પિડા અનુભવતા હોય છે તેથી તમામ પેધી ગયેલાઓની બદલી ન થઈ હોય તેવી જગ્યાએ નિમણુંક થાય તો જનતાને રાહત થશે. કેટલાંક કર્મચારીઓ અપડાઉન કરે છે? તે પ્રશ્ને ઉચ્ચ અધિકારીઓ લક્ષ આપે અને અપડાઉન બંધ થાય તે જરૂરી છે. તથા તંત્ર મૌન છે. મતદાન માટે અપીલ કરનાર ઉમેદવારો પણ કેમ વિચારતા નથી તેઓ સવાલ યાકુબ રસભરીયાએ કર્યો છે.

## અમરેલી જીલ્લામાં વાહનચાલક સહિત ૭ નસેડી ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા સ્થળોએથી એક વાહન ચાલક સહિત સાત શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી.જેમાં બાબરા,દામનગર,ચલાલા,ધારી પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રેશન કાર્ડ અને નામ ધારકોના આધાર કાર્ડ લિંક કરી ઇ-કેવાઇસી પ્રક્રિયા સરળ બનાવો
### મુખ્યમંત્રી શ્રી પટેલને પત્ર પાઠવતા પ્રા. જે. એમ. તળાવીયા



અમરેલી, હાલ રેશન કાર્ડ અને નામ ધારકોના આધાર કાર્ડ લિંક કરી ઈ ણરૂભ ની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી લગભગ એક માસથી ચાલુ છે છતાંય લગભગ માત્ર ૪૦ ટકા જેટલી કામગીરી થઈ શકી છે. મામલતદાર કચેરીમાં લોકોએ કુટુંબ સહિત એક થી બે કલાક લાઈનમાં ઉભું રહેવું પડે છે. લોકોને પોતાની રીતે સઅ ર્ચિૌહ એપ પર E KYC કરવામાં સફળતા મળતી નથી, સરવર ધીમું ચાલવાથી કલકોનો સમય વેડફાય છે.બીજી બાજુ ખાનગી એજન્સીઓ એક નામ માટે રૂ. ૨૦ થી રૂ.૫૦નો ચાર્જ લેય છે.આ પ્રક્રિયા સરળ બનાવવા માટે નગર પાલિકા/મહાનગર પાલિકા વિસ્તારમાં વોર્ડ પ્રમાણે સ્વયં સેવકો અને ચૂંટાયેલા સભ્યોની મદદથી કામગીરી કરવામાં આવે તેવું સૂચન કરી પ્રા.જે.એમ.તળાવીયાએ એક પત્ર પાઠવી રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી છે. તેમણે આ અંગે પુરુષોત્તમભાઈ રૂપાલા સાંસદશ્રી - રાજકોટ, મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રીશ્રી, ભારત સરકાર - ન્યુ દિલ્હી, ભરતભાઈ સુતરિયા સાંસદશ્રી - અમરેલી તેમજ કૌશિકભાઈ વેકરીયા ધારાસભ્યશ્રી અમરેલીને પણ પત્રની નકલ પાઠવી રજુઆત કરી છે.

# સાવરકુંડલાના મોટા ઝીંઝુડાની સીમમાંથી હોન્ડા બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામની સીમમાં કિશોરભાઈ લાલજીભાઈ રામાણીની વાડીના ઝાપાની બહાર મહુવા તાલુકાના કિકરીયા ગામના રમેશભાઈ ધરમશીભાઈ મકવાણાનું હોન્ડા ડ્રિમ નીયો જી.જે. ૧૪ એ.સી. ૪૩૬૧ રૂ/.૨૦,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી કરી લઈ ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો
## કપાસ ૭૩૦ થી ૧૫૭૧ મગફળી ૮૮૬ થી ૧૨૧૮

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૭૫-૧૨૭૦
શિંગમોટી-૮૮૬-૧૨૧૮
શીંગફાડા-૧૦૦૦-૧૩૦૦
તલસફેદ-૧૭૯૫-૨૭૩૫
તલકાળા-૨૭૪૦-૪૦૯૦
જુવાર-૪૦૦-૮૧૦
ઘઉંટુકડા-૫૫૨-૬૯૨
ઘઉંલોકવન-૫૫૬-૬૭૦
ચણા-૧૦૫૦-૧૩૫૬
કપાસ-૭૩૦-૧૫૭૧
ધાણા-૧૦૦૦-૧૩૬૫
સોયાબીન-૬૦૫-૮૪૯
અડદ-૧૦૪૦-૧૫૭૫
એરંડા-૧૧૪૫-૧૨૧૮
મરચાલાંબા-૧૦૦૦-૧૦૦૦
જીરૂ-૪૩૧૦-૪૪૬૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૩૦-૫૫૦
રીંગણા-૬૦૦-૮૦૦
ફલાવર-૭૦૦-૮૦૦
કોબીઝ-૩૦૦-૪૫૦
ટમેટાં-૬૦૦-૭૫૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૮૦૦-૧૨૦૦
ગલકા-૬૦૦-૭૦૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૬૦૦-૧૨૦૦
દુધી-૨૦૦-૪૦૦
તુરીયા-૬૦૦-૮૩૦
ભીડો-૩૦૦-૫૦૦
આદુ-૮૦૦-૯૦૦
કોથમીર-૫૦૦-૮૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૫૦૦-૬૫૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૬૦૦-૧૨૦૦
મુળા-૩૦૦-૪૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૮૦૦-૯૫૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૬-૬૨૬
સોયાબીન-૭૫૪-૮૩૧
ઘઉં-૪૫૧-૭૧૭
જુવાર-૫૬૦-૮૩૧
કપાસ-૧૪૧૧-૧૫૨૫
તલસફેદ-૨૧૨૧-૨૫૫૦
અડદ-૧૨૦૦-૧૫૦૦
મગ-૨૭૦૧-૨૮૦૧
શીંગ-૧૦૧૧-૧૧૭૦
ચણા-૧૩૫૦-૧૩૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૬૧-૭૨૧
ડુંગળીલાલ-૫૦૦-૯૫૧
તલસફેદ-૧૮૦૦-૨૬૪૮
અડદ-૪૯૨-૧૮૧૫
સોયાબીન-૮૧૧-૮૮૮
શીંગ ૬૬-૧૧૯૦-૧૬૦૦
ડુંગળીસફેદ-૨૦૦-૧૧૦૦
જીરૂ-૪૬૯૩-૪૬૯૩
બાજરી-૪૬૫-૬૪૪
જુવાર- ૩૦૬-૮૨૮
નાળીયેર-૬૫૦-૩૦૪૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૦૦-૧૫૯૫
ઘઉં-૫૦૬-૬૩૪
મગફળી-૧૧૧૯-૧૨૨૧
જીરૂ-૪૦૫૫-૪૬૪૫
અડદ-૧૧૭૦-૧૩૪૦
તલકાળા-૩૨૩૦-૩૪૦૦
સોયાબીન-૭૮૧-૮૦૯
કપાસકોડી-૧૧૨૦-૧૩૦૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૨૦-૧૫૪૫
ચણા-૧૧૦૦-૧૪૧૧
મગફળી-૮૦૦-૧૧૩૦
ઘઉં-૯૦-૬૬૦
અડદ-૧૧૦૦-૧૨૦૦
સોયાબીન-૫૦૦-૭૭૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૨૧૧
શીંગજીણી-૧૦૦૦-૧૧૪૫
અડદ-૧૦૦૦-૧૪૭૩
તલસફેદ-૧૭૫૦-૨૫૬૫
કપાસ-૧૪૮૦-૧૫૮૦
ઘઉંલોકવન-૫૫૦-૬૧૭
જીરૂ-૪૩૫૦-૪૬૩૦
ઘઉંટુકડા-૫૬૨-૬૫૨
ચણા-૧૨૧૫-૧૬૦૦
સોયાબીન-૭૪૬-૮૫૨
એરંડી-૧૦૫૪

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૪૭૬-૧૫૪૯
મગફળી-૯૧૧-૧૧૮૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૫૬-૧૫૬૩

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૮૯
અડદ-૯૦૫-૧૪૦૧
મગફળી-૭૬૫-૯૮૦
શીંગદાણા-૧૧૪૦-૧૨૧૨
સોયાબીન-૫૯૫-૭૭૨
ઘઉં-૫૦૦-૬૨૫
રાય-૧૦૪૦-૧૦૪૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૧૦૦૦-૧૭૦૦
દાડમ-૧૬૦૦-૨૯૦૦
મુસંબી-૫૦૦-૯૦૦
સંતરા-૪૦૦-૮૦૦
કીવી-૪૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૦૦૦-૩૦૦૦
અનાનસ-૧૧૦૦-૧૫૦૦
જામફળ-૨૦૦-૮૦૦
કેળા-૩૮૦-૬૦૦
પોપૈયા-૬૦૦-૯૦૦
સીતાફળ-૪૦૦-૧૦૦૦
સફરજન કાશ્મીર-૧૨૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૩૪.૪
ન્યુનતમ તાપમાન -૧૭.૬
ભેજનું પ્રમાણ -૭૩
પવનની ગતિ સરેરાશ -૩.૬

### મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત

# અમરેલી જિલ્લામાં મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજાશે

## કલેક્ટરનાં માર્ગદર્શન નીચે જિલ્લા ચુંટણી તંત્ર દ્વારા નવેમ્બર ૨૦૨૪ની તા.૧૭ અને ૨૩ તથા ૨૪મીએ ખાસ ઝુંબેશ યોજાશે

અમરેલી,

તા.૦૧.૦૧.૨૦૨૫નારોજ ૧૮વર્ષકેતેથીવધુવયધરાવતાહોયતેવા નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. આગામી તા.૨૮ નવેમ્બર,૨૦૨૪ સુધી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરુ છે.યુવા મતદાર જાગૃતિ કાર્યક્રમ અન્વયે બાબરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં યુવા મતદારો, બીએલઓ અને સુપરવાઈઝર સહિતના જોડાયા હતા.૯૮ રાજુલા-જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ વડલી ગામે યોજાયેલ ભાગવત સપ્તાહમાંપણમતદાતાજાગૃત્તિ મતદારોને અપીલકરવામાંઆવી.મતદારયાદીખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે ખાસ ઝુંબેશના દિવસોની ઓડિયો ક્લિપ દ્વારા ગ્રામજનોનેવિગતઆપીઅગવતકરવામાં આવ્યા. ૯૮ રાજુલા-જાફરાબાદ વિધાનસભા મત વિસ્તારના વિવિધ સ્થળોએ, ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન વાન દ્વારા મતદાતા જાગૃત્તિ અન્વયે મતદારોને અપીલકરવામાંઆવી.મતદારયાદીખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમના ખાસ દિવસોની જાણ પણ નગરજનોને થાય તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા. ખાંભા ગામેયોજાયેલતુલસીવિવાહઅને લાઠી તાલુકાના ભાલવાવ કાર્યક્રમમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની વિગતો આપી, મતદારોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અપીલ કરવામાં આવી. ખાંભા તાલુકાના દડલી અને કોડીયા ગામે યોજાયેલ ભાગવત કથામાં મતદાતા કાર્યક્રમ યોજવામાં આવ્યા.નવા વર્ષે વિવિધ દેવસ્થાનો પર ભક્તોની અવરજવર વધુ પ્રમાણમાં રહે છે તેવા સ્થળોએ નાગરિકોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંગે વિગતો મળી રહે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધપ્રયાસકરવામાંઆવીરહ્યાછે.ધારી ખોડીયાર માતા દેવસ્થાને આવતા યાત્રિકોનેમતદાર તરીકેનોંધણીકરવામાટે સમાજ દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમનો લાભ લેવા ખાસ અપીલ કરવામાંઆવી.રજાનાદિવસોમાં ભીડ વધુ રહેતી હોય પ્રવાસીઓને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અને તે માટે યોજવામાં આવનાર ખાસ ઝુંબેશના દિવસો સહિતની વિગતો આપી મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-મતદાતા જાગૃત્તિ અન્વયે ૯૫-અમરેલી-વડીયા-કુંકાવાવ મતવિસ્તારનામતદાતાજાગૃત્તિ માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અમરેલી એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે નાગરિકોને જીજીઇ ઝુંબેશનાં દિવસો અંગે માહિતગાર કરવામાં આવ્યા. વધુ નાગરિકો સુધી આ બાબતની જાણ થાય તે માટે માઈક પર એનાઉન્સમેન્ટ પણ કરવામાં આવ્યું. સ્વીપ કાર્યક્રમ અન્વયે અમરેલીના લાઠી રોડ સ્થિત દીકરાનું ઘર ખાતે યોજવામાં વરિષ્ઠ નાગરિકોને મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અને ખાસ ઝુંબેશના દિવસો વિશે વિગતો આપવામાં આવી. અમરેલીના હાર્દ સમા સેન્ટ્રલ પોઈન્ટ વિસ્તારમાં રવિવારી બજારમાં જીજીઇ અન્વયે સ્વીપ કાર્યક્રમ યોજવામાં આવ્યા.આગામી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે લાઠી તાલુકાના દામનગર ખાતે આશા વર્કર, આંગણવાડી વર્કર, મધ્યાહન ભોજન સંચાલક, વ્યાજબી ભાવના સાથે યોજાયેલ બેઠકમાં મતદાતા જાગૃત્તિ માટે કરવાનીથતી કામગીરી, શહેરીવિસ્તારના વધુમાં વધુ મતદાતાઓને કાર્યક્રમ અંગે જાણ થાય તેવા પ્રયત્નો કરવા સૂચના આપવામાં આવી. દામનગર બસ સ્ટેન્ડ ખાતે મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ખાસ ઝુંબેશના દિવસોની જાહેરાત કરી નાગરિકોને જાણ કરવામાં આવી.સાવરકુંડલા અને બાબરા સહિત અમરેલી જિલ્લાના વિવિધ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન એપ www.voterportal.eci.gov.in , www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે.ખાસ બાબત છે કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર-૨૦૨૪ માસની, તા.૧૭ - રવિવાર, તા.૨૩-શનિવાર, તા.૨૪-રવિવારનારોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો. મતદારયાદીમાં નાગરિક-મતદાતાના સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. આથી અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને મતદાતા યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગામ સમસ્ત દ્વારા તુલસી વિવાહનું આયોજન થતા

# જાફરાબાદનાં વઢેરામાં તુલસી વિવાહ યોજાયાં

## ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી, શ્રી બાંભણીયા સહિત વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં આયોજન





રાજુલા, (કનુભાઈ વરૂ)જાફરાબાદ તાલુકાના મવઢેરાગામે ભવ્ય તુલસી વિવાહનુંઆયોજન કરવામાં આવ્યું હતું. વઢેરાગામનેસમસ્ત ગામસમસ્ત તુલસી વિવાહનું મંદિરે થી આયોજન થતાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પૂર્વપ્રમુખ શ્રી નાજભાઈ ભાઈ બાંભણિયા તથા જાદવભાઈ સોલંકી તાલુકા પંચાયતના પ્રમુખ કોટડીયાભાજપ પ્રમુખ દાદા કડીયાળી સહિતના આગેવાનો તુલસી વિવાહમાં ઉપસ્થિત રહેતા સમગ્ર ગ્રામજનો તમામ મહેમાનનો આભાર વ્યક્ત કર્યો હતો

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# ટ્રેનના એસી કોચમાંથી ૧૨ બેડશીટની ચોરી કરીને ભાગી રહેલા બે શખ્સો સિહોર સ્ટેશને ઝડપાયા



ભાવનગર,પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનમાં કામ કરતા રેલવે કર્મચારીઓ મુસાફરોને શક્ય તમામ મદદ કરી રહ્યા છે અને સાથે સાથે ડિવિઝનના સતર્ક કર્મચારીઓ રેલવેની સંપત્તિની સુરક્ષામાં પણ યોગદાન આપી રહ્યા છે. ૧૧ નવેમ્બર, ૨૦૨૪ (સોમવાર) ના રોજ. સિહોર રેલ્વે સ્ટેશન પર ફરજ બજાવી રહેલા શ્રી રાજકુમાર (પીમેન/સિહોર) એ બે વ્યક્તીઓને ટ્રેનના એરકન્ડિશન્ડ કોચની બેડશીટ સાથે સિહોર સ્ટેશનની બહાર જતા જોતા તે વ્યક્તીઓને બૂમ પાડીને થોભવાનું કહેતા બન્ને વ્યકતિઓ ત્યાથી ભાગવા લાગ્યા. શ્રી રાજકુમાર (પોઈન્ટ્સ મેન/સિહોર) અને શ્રી અજય કુમાર (ગેંગમેન/સિહોર) એ દોડીને બંને વ્યક્તિને પકડી લીધા. ઝડપાયા બાદ બંને વ્યક્તીઓને સિહોર સ્ટેશન માસ્ટરની ઓફિસે લઈ જવામાં આવ્યા. ત્યાં ફરજ બજાવી રહેલા સ્ટેશન માસ્ટર શ્રી સાગર પરમારે સિહોર સ્ટેશનના જીઆરપીને ફોન કરી ઘટનાની જાણ કરી હતી. જે બાદ સ્ટેશન માસ્ટર દ્વારા આ ઘટના અંગે આરપીએફ પોસ્ટ ભાવનગરને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં સબ ઈન્સ્પેક્ટર શ્રી અશ્વિન વરુ અને કોન્સ્ટેબલ નારસંગ ભાઈ સિહોર સ્ટેશને પહોંચ્યા અને ઘટનાની તપાસ કરતાં જાણવા મળ્યું કે બંને પાસે એસી કોચની બેડશીટના ત્રણ-ત્રણ પેકેટ (કુલ ૧૨ નગ બેડસીટ) હતા, જેને બંને વેચવાના ઈરાદાથી લઈ જય રહ્યા હતા.સ્ટેશન માસ્ટરે તે બે વ્યકિતને આગળની કાર્યવાહી માટે રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ને સોંપી દીધા. ભાવનગર ટર્મિનસ પોસ્ટ ના સબ ઈન્સ્પેક્ટર શ્રી અશ્વિન વરુ દ્વારા તપાસ ચાલુ છે.

# જુનાગઢ પરિક્રમામાં ૩૯૯ શખ્સો સામે કાર્યવાહી : ૧૧ વાહન ડિટેઇન

જુનાગઢ, (હિતેષ પારેખ)

જુનાગઢમાં લીલી પરિક્રમામાં ૩૯૯ શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી ૧૧ વાહનો ડિટેઈન કર્યા હતાં. ચાલુ વર્ષે પરિક્રમામાં ૧૫ લાખથી વધુ ભાવિકો ઉમટી પડયા છે. જુનાગઢ રેન્જ પોલીસ મહાનિર્દેશક નિલેશ જાજડીયાની સુચનાથી એસપીશ્રી હર્ષદ મેહતાના માર્ગદર્શન નીચે પોલીસ મદદ મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. કાયદો વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવાયો છે.

# વાવ વિધાનસભા બેઠક માટે ૧૯૨ મતદાન મથકો પર મતદાન યોજાશે

વાવ,

કુલ ૩૨૧ ઈફસ્દ્વારા ૧.૬૧ લાખ પુરૂષ અને ૧.૪૯ લાખ મહિલા મળી કુલ ૩.૧૦ લાખ મતદારો કરશે મતાધિકારનો ઉપયોગ ૦૭-વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ કુલ દસ (૧૦) ઉમેદવારો વચ્ચે યોજાનાર ચૂંટણીમાં ૩.૧૦ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ગુજરાતની ૦૭-વાવ વિધાનસભા મતવિસ્તારના વિવિધ ૧૯૨ મતદાન મથક કેન્દ્રો પર આવેલા કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન પર સવારે ૦૭.૦૦ થી સાંજના ૦૬.૦૦ કલાક સુધી મતદાન યોજાશે.

### માત્ર દાન આપી દેવું એટલું સિમિત ન રહેતા

# અમરેલી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રને જરૂરિયાત માટે પૃચ્છા કરતા દાતાશ્રી મનીષાબેન પંડ્યા

## અમરેલી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રની કામગીરીનો અહેવાલ મેળવી પ્રભાવિત થયાં



અમરેલી,

અમરેલીનાં પ્રખર દાતા ડો.પ્રતાપભાઈ પંડ્યાએ ચિતલ રોડ પર શ્રવણ પ્રસાદ કેન્દ્ર સંપુર્ણ સુવિધાસભર બનાવવા એક કરોડ રૂપિયા જેવી માતબર રકમનું દાન આપેલું અને શ્રવણ પ્રસાદ કેન્દ્રનાં વ્યવસ્થાપકોએ આ રકમને જાળવણી પુર્વકનો ઉપયોગ કરી પ્રસાદ કેન્દ્રને વેગવંતુ બનાવ્યું છે. તેમના હોનહાર અને આ અણદીઠેલી ભોમ પર ડગ આપવાની કેડી પર અડગતા અને નિડરતા પુર્વક પરણ માંડતા શ્રી મનીષાબેન પંડ્યાએ અમેરીકાથી પોતાના માતુશ્રી રમાબેન તેમજ કાશ્મીરાબેનને અમરેલી શ્રવણ પ્રસાદ કેન્દ્રની સંભાળ લેવા મોકલ્યા અને તેની સાથે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારનાં ઉમેશભાઈ જોષી અને લોક સાહિત્ય સેતુનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી તેમજ કેતનભાઈ જોષીએ સાથે રહી સંપુર્ણ પ્રચાર કરી જરૂરિયાતની પુર્તતા કરી સંસ્થાનાં સંચાલક ભીખુભાઈ અગ્રાવતે તમામ મહેમાનોને આદરપુર્વક આવકારી સંસ્થાની વિકાસગાથા રજુ કરતા પુજ્ય શ્રી રમાબેન પંડ્યાને કાશ્મીરાબેન પંડ્યા તથા તેમના જમાઈ સંપુર્ણ પ્રગતિનો અહેવાલ જોઈ ભારે પ્રભાવિત થયા હતાં.

# અમરેલી જિલ્લામાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ-ખેડૂતોને ફાર્મર આઈડી મળશે

## પી. એમ. કિસાન યોજનાના લાભાર્થીએ તા. ૨૫ નવેમ્બર પહેલાં નોંધણી કરાવવી ફરજિયાત

અમરેલી, એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી.મળશે. રાજ્યમાં તા.૧૫ ઓક્ટોબર,૨૦૨૪થી ખેડૂત નોંધણી શરુ છે. પી.એમ.કિસાન યોજના તળે આગામી ડિસેમ્બરના હપ્તા માટે ભારત સરકાર દ્વારા ખેડુત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત છે. પી.એમ.કિસાન યોજનાના લાભાર્થીએ આ લાભ મેળવવા તા.૨૫ નવેમ્બર,૨૦૨૪ નોંધણી કરાવવી. વેબપોર્ટલથી દરેક ગ્રામ પંચાયત કચેરીમાં નોંધણી થશે અને વધુમાં ખેડુત જાતે પણ નોંધણી કરી શકશે.રાજ્યના તમામ ખેડૂતોએ ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરવી. ખોટી નોંધણી રદ થશે ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને આંગળીના ટેરવે ખેતીવાડી લક્ષી તમામ ધિરાણ સબંધી લાભ સરળતાથી મળશે. ભારત સરકાર દ્વારા પી.એમ.કિસાનના લાભાર્થી ખેડૂતના આગામી આ ખેડુત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરી છે. અમરેલી જિલ્લાના પી.એમ. કિસાન યોજના અંતર્ગત લાભ મેળવતા તમામ ખેડૂતમિત્રોને ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત પણે કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### નવરાત્રી બાદ દિવાળી અને દેવ દીવાળી પણ ગઈ..

# વડિયા બાટવા દેવળીના ખખડધજ રોડનુ મુર્હત ક્યારે ?

## ધારાસભ્યએ કરેલા વાયદાઓ પોકળ સાબિત થતા લોકોમાં ભારે નારાજગી



વડિયા, (ભીખુભાઈ વોરા)

અમરેલી જિલ્લાના વડિયાથી ગોંડલ,રાજકોટ જવાનો મુખ્ય માર્ગ જે છેલ્લા ત્રણ વર્ષથી અતિ બિસ્માર હાલત માં હોય ફૂટ ફૂટ ના ખાડાઓમાંથી વાહન ચાલકો, ખેડૂતો અને લોકો પસાર થતા હોય ત્યારે છેલ્લા બે વર્ષો માં અહીં અનેક વાર અકસ્માતો થયા છે તો ચોમાસાની તુ માં રસ્તો પણ અકસ્માત થી ચક્કા જામ થયો હતો ત્યારે સતત ત્રણ વર્ષથી આ બિસ્માર રસ્તા પર પસાર થઈ યાતના ભોગવતા લોકોએ સોશ્યલ મીડિયા અને પ્રેસ મીડિયા દ્વારા અનેક વાર આ બાબતે રાજકીય નેતાઓ અને તંત્ર નુ ધ્યાન દોર્યું હતુ ત્યારે તે સમયે સ્થાનિક ધારાસભ્ય એવા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા જણાવાયું હતુ કે રસ્તો મંજુર થઈ ગયો છે.

હાલ ચોમાસાની તુ ચાલુ છે નવરાત્રી બાદ તુરંત નવો રસ્તો બનાવવાની કામગીરી શરુ કરવામાં આવશે. ધારાસભ્ય દ્વારા આ વચન આપ્યા બાદ લોકોમાં ખુશીનો માહોલ છવાયો હતો કે હાસ... નવો રસ્તો બનશે... હાલાકી દૂર થશે... પરંતુ આ વચન નવરાત્રી બાદ તુરંત રસ્તો બનાવવા માટે આપેલું હોય નવરાત્રી ગઈ દિવાળી ગઈ અને દેવ દિવાળી પણ ગઈ ત્યારે હજુ આ રસ્તો તેમનો તેમ જ છે ત્યારે લોકો હવે રસ્તાનું વચન આપવા વાળા ધારાસભ્ય ક્યાં ખોવાઈ ગયા તેવા સવાલો કરતા થયા છે તો સ્થાનીક નેતાઓને આ બાબતે લોકો દ્વારા સવાલો કરવામા આવતા તે પણ હવે જવાબ આપી ના શકતા ઉભી પૂછડીએ ભાગતા જોવા મળી રહ્યા છે ત્યારે હાલ સ્થાનિક વિપક્ષી લોકોમાં એવી ચર્ચા સાંભળવા મળી રહી છે કે બરવાળા બાવળ ગામે કોજવેના ભ્રસ્ટાચાર માં સંડોવાયેલ યુવા નેતાઓ ને આ કામ સોંપી ને ફરી ભ્રષ્ટાચાર કરવાનો હશે એટલે ગોઠવણ થાય પછી જ કામગીરી કરવી હશે તેવા ટોણા પણ સતાધારી ભાજપ પક્ષને યુવા ભાજપ ના ભ્રષ્ટાચાર ના કારણે સાંભળવા પડી રહ્યા છે ત્યારે વચનો આપી ને ભૂલી ગયેલા આ નેતાઓને હવે લોકોની દયા આવતી હોય તો આ રોડ બનાવવા ની લોકમાંગણી જોવા મળી રહી છે.

ભાજપ ના નેતાઓ આ ત્રણ વર્ષથી પીડાતી જનતા ની સમસ્યા બાબતે અગાવ પણ અનેક વાર મીડિયા ણા માધ્યમ થી ધ્યાન દોર્યું હતુ તે ફરી વાર નેતાઓએ આપેલા વચનની વાસ્તવિકતા સત્ય સાથે ધ્યાને મુકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે ત્યારે આ વચન મીડિયાએ ફરી યાદ કરાવ્યું છે ત્યારે યુવા ભાજપ ના ભ્રષ્ટાચારી નેતાઓ લોટ પાણીને લાકડા સમાન કામગીરી માં સત્ય સામે લાવતા મીડિયા ને નોટિસ આપે છે તો આ બાબતે પોતાના જ વચન ભૂલેલા ધારાસભ્ય ને પણ કેમ રોડના કામ નુ વચન આપી ફરી ગયા? તે બાબતે નોટિસ આપશે કે પછી કે પછી રોડ ના કામમા ભ્રસ્ટાચાર ની ગોઠવણ કારી મલાઈ તારવવાની રજુવાત કરશે તે તો આવનારો સમય જ બતાવશે.

# મોરબીમાં મિશ્ર ઋતુથી બિમારી વધી

મોરબી,

બેવડી ઋતુના કારણે અમદાવાદમાં નવ દિવસમાં શરદીના સાત તથા તાવના પાંચ હજારથી વધુ કેસ નોંધાયા હતા. શહેરના વિવિધ વોર્ડમાં આવેલા મ્યુનિ.સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરમાં પ્રતિ દિન ઓ.પી.ડી.માં શરદી-ખાંસીના ૧૨૦૦થી વધુ અને તાવના ૮૦૦થી વધુ દર્દી નોંધાયા હતા. છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદમાં દિવસે ગરમી અને રાતના સમયે ઠંડી એમ બે ઋતુનો અહેસાસ શહેરીજનો કરી રહયા છે. બેવડી ઋતુના કારણે તાવ,શરદી અને ખાંસીના કેસમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ઓફિસર ડોકટર ભાવિન સોલંકીએ કહયુ,દિવાળીના તહેવાર પછી વાયરલ કેસોમાં સતત વધારો જોવા મળી રહયો છે.મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૮૬ અર્બન હેલ્થ સેન્ટર શહેરમાં આવેલા છે. આ અર્બન હેલ્થ સેન્ટરમાં ૧થી ૯ નવેમ્બર દરમિયાન કુલ ૩૮ હજાર ઓ.પી.ડી.કેસ નોંધાયા હતા.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથમાં ઈન્ડિયન રેડક્રોસ દ્વારા બ્લડ ડોનેશન અને હેલ્થ ચેકઅપ વાનનો લોકાર્પણ સમારોહ યોજાયો



ગીર સોમનાથ,નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો થાય એવા હેતુસર વેરાવળ શહેર તથા સમગ્ર ગીર સોમનાથના લાભાર્થે લોહાણા મહાજન વંડી, અઢિયા હોલ ખાતે ઈન્ડિયન રેડક્રોસ દ્વારા બ્લડ ડોનેશન અને હેલ્થ ચેકઅપ વાનનો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.ઉલ્લેખનીય છે કે, ભારતીય જીવન વીમા નિગમના ગોલ્ડન જ્યુબિલિ ફાઉન્ડેશન દ્વારા વેરાવળ રેડક્રોસને હેલ્થ ચેકઅપ વેન અર્પણ કરવામાં આવી છે. આ હેલ્થ ચેકઅપ વેન અત્યાધુનિક આરોગ્ય સુવિધાઓથી સજ્જ છે. જેનાથી એડવાન્સમાં નિદાન થઈ શકશે. આ વેન સમગ્ર જિલ્લામાં ફરતી રહેશે.ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન શ્રી કિરિટભાઈ ઉનડકટે જણાવ્યું હતું કે, એલ.આઈ.સી દ્વારા ઈન્ડિયન રેડક્રોસને રૂ.૪૨ લાખના ખર્ચે તૈયાર થયેલી હેલ્થ ચેકઅપ વાન સોંપવામાં આવી છે. જેનો ઉપયોગ ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના નાગરિકોની હેલ્થ તપાસણી અને બ્લડ ડોનેશન માટે કરવામાં આવશે. એમ કહી તેમણે નાગરિકો વધુ ને વધુ આ સેવાનો લાભ લે એવી અપીલ કરી હતી.આ લોકાર્પણ સમારોહમાં વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખશ્રી પલ્લવીબહેન જાની, એલ.આઈ.સી ઈન્ડિયાના ઝોનલ મેનેજર શ્રી સનોજ કુમાર, અગ્રણીશ્રીઓ ઝવેરીભાઈ ઠકરાર, માનસિંહભાઈ પરમાર સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવાના નેશનલ હાઈવેના ટોલનાકા પાસે ટ્રેલર ટ્રકની હડફેટે આવતા બાઇક ચાલકનું મોત

મહુવા,

મહુવા નેશનલ હાઈવે પર આવેલ કોબડી ટોલનાકા પાસે રોંગ સાઈડમાં આવી રહેલા ટ્રેલર ટ્રકે બાઈકને અડફેટે લેતાં બાઈક સવારનું મોત નિપજ્યું હતું જ્યારે મૃતકના કુટુંબી ભાઈને ગંભીર ઈજા થતા તેમને સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના કાળિયાબીડ, નારેશ્વર સોસાયટીમાં રહેતા કમલેશભાઈ નાગજીભાઈ મકવાણા અને તેમના પરિવારના સભ્યો ગત ના રોજ તળાજા તાલુકાના સરતાનપર ગામમાં આવેલ તેમના માતાજીના મઢે દર્શન કરવા માટે ગયા હતા અને દર્શન કરીને રાત્રિના સમયે અલગ અલગ મોટરસાઈકલ ઉપર ભાવનગર પરત આવી રહ્યા હતા ત્યારે ભાવનગર મહુવા નેશનલ હાઈવે રોડ પર આવેલ કોબડી ટોલનાકા પાસેના ઓવરબ્રિજ પાસે રોડ સાઈડમાં આવી રહેલા ટ્રેલર ટ્રક નં. જી.જે. ૩૯ ટી.એ.૨૩૨૫ ના ચાલકે પોતાનો ટ્રક ગફલતભરીરીતે અને બેદરકારી પૂર્વક ચલાવી મોટરસાઈકલને અડફેટે લેતા મોટરસાઈકલ ચાલક કમલેશભાઈના પિતા નાગજીભાઈ નરસીભાઈ મકવાણા અને તેમના કુટુંબી ભદ્રેશભાઈ સગરામભાઈ મકવાણાને ગંભીર ઈજા થતા બંનેને સારવાર અર્થે ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં નાગજીભાઈનું મોત નીપજયુ હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર કમલેશભાઈ નાગજીભાઈ મકવાણાએ ટ્રેલર ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# ગિરનારમાં ૪,૯૯,૬૩૪ ભાવિકોએ નળપાણીની ઘોડી વટાવી



જુનાગઢ ભવનાથમાં લીલી પરિક્રમાનો પ્રારંભ થતાં ગિરનાર જંગલમાં ધાર્મિક માહોલ સર્જાયો છે. ૪,૯૯,૬૩૪ યાત્રિકોએ નળપાણીની ઘોડી વટાવી હતી. આ વર્ષે ૨૪ કલાક અગાઉ પ્રવેશદ્વાર ખોલી નાખવામાં આવ્યા હતા અને પરિક્રમાર્થીઓએ વહેલી પરિક્રમા શરૂ કરી પુણ્યનું ભાથુ બાંધવાનુ પણ લોકોએ શરૂ કર્યું છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છમાં પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજનાનો લાભ લેવા ઈચ્છુક ઉમેદવારો ૧૫મી નવેમ્બર સુધીમાં પોતાની અરજી કરી શકશે

ભુજ,

ભારત સરકાર દ્વારા ૩જી ઓકટોમ્બર ૨૦૨૪ના રોજ જાહેર કરાયેલી પ્રધાનમંત્રી ઈન્ટર્નશીપ યોજના હેઠળ દેશની ટોચની ૫૦૦ કંપનીઓ ૧૨ મહિના માટે ઈન્ટર્નશીપ કરવાની તક મળી રહી છે. જેમાં અરજી કરવાની તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ પી.એમ.ઈન્ટર્નશીપ માટે આપેલી વેબસાઈટ https&//pminternship.mca.gov.in/ ઉપર જઈને નોંધણી કરવાની રહેશે તેમજ જાહેરાતમાં લાયકાત ધરાવતા યુવાઓ જિલ્લા રોજગાર કચેરી ભુજ-કચ્છ ખાતે ૧૪મી નવેમ્બર સુધી રૂબરૂ મુલાકાત લઈ પોતાની નોંધણી કરાવી શકશે.કચ્છ જિલ્લાના યુવાઓ કે, જેમની શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ, આઈ.ટી.આઈ પાસ, ડિપ્લોમા અને ગ્રેજ્યુએટ પાસ છે તે ઈન્ટર્નશીપ માટે અરજી કરી શકશે. જો કે પૂર્ણ સમયનો રોજગાર કે શિક્ષણ મેળવતા ના હોય, અગાઉ એપ્રન્ટીશીપ કરેલી ના હોય પોતે કે કોઈ પરિવારના સભ્ય સરકારી નોકરી ના કરતા હોય તેમજ આવકમર્યાદા ૮ લાખ કે તેથી ઓછી હોય તેવા ઉમેદવારો આ યોજનામાં અરજી કરી શકશે. આ યોજનામાં ભારત સરકાર દ્વારા રૂ.૪૫૦૦/- તથા કંપની દ્વારા રૂ.૫૦૦/- માસિક સહાય તેમજ સરકારશ્રી દ્વારા ૧ વર્ષ માટે રૂ.૬૦૦૦/- આકસ્મિક અનુદાન આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા જિલ્લા રોજગાર કચેરી ભુજ-કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા - દિવાળી ધમાકા ઓફર
Dream Family Spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

सत्यमेव जयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૪-૧૧-૨૦૨૪ ગુરૂવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટ્સ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી,
ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ,
ગ્રુમ મેકઅપ, હેર એક્સટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે
અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### નગરપાલિકાના પ્રમુખશ્રી બિપીનભાઇ લીંબાણી અને કારોબારી ચેરમેનશ્રી મનિષભાઇ ધરજીયાની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં સીસી રોડનું ખાતમુર્હુત કરતાં શ્રી કૌશિક વેકરીયા

**અમરેલી શહેરના લાઠી રોડ પર આવેલા ધરમનગર અને માધવનગર તેમજ પ્રમુખસ્વામી નગરના લોકોને સીસીરોડની સુવિધા આપવા પાલિકાનું આયોજન**

**ખાતમુર્હુત કાર્યક્રમમાં નગરપાલિકાના પુર્વ ઉપપ્રમુખશ્રી રમાબેન નરેશભાઇ મહેતા તથા ચેરમેન અરૂણાબેન બામણીયા સહિત વિવિધ ચેરમેનોની ઉપસ્થિતિ**



અમરેલી, અમરેલી ના લાઠી ના ધરમનગર માધવનગર પ્રમુખ સ્વામિ નગર ના રોડ નુ આજરોજ અમરેલી ના લોકપ્રિય ધારાસભ્ય અને વિધાનસભા ના મુખ્ય નાયબ દંડક શ્રીકૌશીકભાઈ વેકરીયાના કરકમળોદ્વારાસીમેન્ટ કોન્ક્રીટ રોડ ના ખાતમુહૂર્ત કરવામાં આવેલ.

આ પ્રસંગે નગરપાલિકા ના પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા નગરપાલિકા ના સદસ્ય અને પૂર્વ રમાબેન નરેશકુમાર મહેતા તથા ગેરેજ શાખા ના ચેરમેન અરૂણાબેન દિલીપભાઈ બામણીયા , રોશની શાખા ના ચેરમેન ચિરાગભાઈ ત્રિવેદી તથા મનોરંજન શાખા ના ચેરમેન અશ્વિનભાઈ વાઢેર નરેશકુમાર મહેતા, દિલીપભાઈ બામણીયા, યુવા ભાજપ મંત્રી કિશનભાઈ શીલુ, ગોરધનભાઈ સુરાણી ,ચંદુભાઈ ખણેશા, ધરમનગર ના આગેવાન ભીખુભાઈ બાયલ,મહેશભાઈ જળુ,નરેન્દ્રભાઈ મહેતા,આનંદમહેતા,અરવિંદભાઈ ભરાડ, જયેશભાઈ લીંબાણી, દેવેન્દ્ર તથા બહોળી સંખ્યા માં ધરમનગર ની બહેનો ઉપસ્થિત રહેલ તેમજ માધવનગર પ્રમુખ સ્વામિ માંથી કાળુભાઈ, કિશોરભાઈ આર કે પ્લાન વાળા, કૃણાલભાઈ,પાંડવ સાહેબ, સરપદડીયા અમરદાસ બાપુ વગેરે બહોળીસંખ્યામાંસ્થાનિકરહીશોહાજર રહ્યાં હતાં.

## લીલીયાના ભેંસવડીમાં ખનીજ ચોરી અટકાવવા કલેકટરને રોષભેર રજૂઆત કરતાં સરપંચશ્રી

**ખનીજ ચોરી અંગે અનેકવાર રજૂઆતો કરાઈ પણ પરિણામ શૂન્ય**



અમરેલી, લીલીયા તાલુકાના ભેંસવડી ગ્રામ પંચાયતના સરપંચ મંજુલાબેન ભરતભાઈ ઢુંમર દ્વારા અમરેલી કલેકટર ને પત્ર પાઠવી ખનીજ ચોરી અટકાવવા બાબત રજૂઆત કરવામાં આવેલ જે પત્રમાં જણાવેલ કે લીલીયા તાલુકાના ભેંસવડી ગામે રેતી ખનીજ ચોરી શેત્રુંજી નદીમાંથી થઈ રહી છે જેની અવારનવાર રજૂઆત પણ કરવામાં આવેલ હોય તાજેતરમાંદિવાળીની રજામાંમોટા ડમ્પર તેમજ ટ્રેક્ટર મારફત ૪૦ થી ૫૦ ટન વજનના રેતી ભરીને પુર ઝડપે ચલાવતા હોય જેમાં ભેંસવડી લીલીયા માર્ગ સંપૂર્ણ નાશ થવા પામેલ છે જેથી ગામ લોકોએ સાથે મળીને રેતી અટકાવવા માટે ગામના પાદર માંથી એક માત્ર રસ્તો શેત્રુંજી નદી તરફ જાય છે જે મોટો રોડ નથી કે જ્યાં સરકારી એસ.ટી પ્રાઈવેટ બસ જેવા વાહનો ચાલતા નથી માત્ર રેતી ચોરી કરવા વાળા ના ડમ્પર જ પુર પાટ ઝડપે ચાલે છે જેથી આ રસ્તા ઉપર ગામ લોકો એ આઠ ફૂટ ચેનલ મારીને ભારે વાહનો ટ્રક ડમ્પર ન જઈ શકે તેવી રીતે બંધ કરેલ છે જ્યારે આ રસ્તામાં આવતા ખેડૂતોના ખેતરમાં મોટા ટ્રેક્ટર મીની ટેકટર આરામથી જઈ શકે તે રીતે વ્યવસ્થા કરેલ છે પરંતુ રેતી ચોરી કરતા માથાભારે તત્વોએ આ ચેનલ તોડવાનો પ્રયાસ કરેલ છે તેવા સંજોગોમાં ગામ લોકોએ એકઠા થઈ આવા રેતી ચોરી કરતા ટ્રક ડમ્પર વાળાને સૂચના આપી છે કે હવે પછી અમારી ચેનલને નુકસાન કરશો તો અમારે ના છૂટકે નામજોગ ફરિયાદ કરવી પડશે જેવી ગંભીર બાબતો પત્ર મારફત કલેકટરને પાઠવવામાં આવેલ છે અને સાથે સાથે સરપંચ દ્વારા એ પણ પત્રમાં ચોખવટ કરાય છે કે આ બંધ કરવાના ઈરાદે ચેનલ ઊભી કરેલ નથી માત્ર રેતી ચોરી કરનારા લોકો માટે જ આ રસ્તો બંધ કરવામાં આવેલ હોય છે પણ સરપંચ દ્વારા પત્ર મારફત કલેકટરને જાણ કરવામાં આવેલ છે.

## જાફરાબાદનાં મોહસિનભાઇએ અજમેર ખ્વાજા પીરને ચાદર ચડાવી દીદાર કર્યા

**દરગાહે ફુલહાર, ચાદર ચડાવી દુઆ કરી**



રાજુલા, (કનુભાઈ વરૂ)

સૌરાષ્ટ્ર ભરનામુસ્લિમ સમાજ બિરાદરોદ્વારા વેકેશનમાંઅજમેર ખાજા ગરીબ નવાજ દરગાની દુઆ લેવા અનેક મુસ્લિમ જાય રાજસ્થાનમાં અજમેર ખાતેખાજા નવાજ પાસે ફુલ ગુલાબ તથા સાદર લઈ અનેકરાજ્યોમાં અજમેર નો અને અને મહત્વ છેખાજા અજમેર મુસ્લિમ સમાજનું આસ્થા નું પ્રતીક છે જ્યાં સૌરાષ્ટ્ર અન્ય રાજ્યો અને દેશભરના બિરાદરો ખાજા અજમેર ની દરગાહી લાખો લોકો તો જાય છે પરંતુ મુસ્લિમ સમાજ દ્વારા યુવા વર્ગ પણ વેકેશનમાં દુઆ લેવાનો લાભ લેશે ત્યારે જાફરાબાદના મોસીન ભાઈપઠાણ અને તેનોપરિવાર એપણખાજાઅજમેર દર્શન નો તેમજ દરગા ને ફૂલહાર તેમજ ચાદર ચઢાવી તેમજ દુવા વગેરે કર્યા હતા આ દરગાહમાં મુસ્લિમ લોકો પણ દર્શને જાય છે.

## વડિયામાં યોજાયેલ લોક દરબારમાં અટક ફેરફારનો ગંભીર પ્રશ્ન ઉકેલતાં શ્રી કૌશિકભાઇ વેકરીયા

**રાંક અને સોજીત્રા અટક ચાલતી હતી જમીન રેકર્ડમાં સુધારો થતો ન હતો**

વડિયા,વડિયામાં વસવાટ કરતા સમસ્ત રાંક અનેસોજીત્રાપરીવારની રાંકતેમજસોજીત્રા એમ બે અટક ચાલતી હોવાના કારણે ખેતીવાડીની જમીનના ૭-૧૨ તેમજ ૮-અ ના રેકોર્ડમાં અમુક ખેડુત ખાતેદારોની અટક રાંક ચાલતી હતી.તેમજ અમુક ખેડુતો ખાતેદારોનીઅટકસોજીત્રાચાલતીહતી.સને ૨૦૦૪ માં ખેતીવાડીની જમીનના રેકોર્ડનું કોમ્પ્યુટરાઈઝેશનથતાજેખાતેદારોનીઅટક રાંક ચાલતી હતી. શરતચુકથી તેમની અટક સોજીત્રા નોંધાતા તેમજ જેખાતેદારોનીઅટક સોજીત્રા ચાલતી હતી.શરતચુકથી તેમની અટકરાંકનોંધાતાસને ૨૦૦૪થીઆજદિન સુધી એટલે કે સને ૨૦૨૪ સુધી છેલ્લા ૨૦ વર્ષથીવડિયાવસવાટકરતારાંકઅનેસોજીત્રા પરીવારના ખેડુત ખાતેદારો જમીનના રેકોર્ડ ૭-૧૨ તેમજ ૮-અ માં સાચી અટક નોંધાવા માટે અવાર નવાર અરજીઓ કરતા હતા. પરંતુ જમીનના રેકોર્ડમાં જરૂરી સુધારો થતો નહતો. તા.૩-૮-૨૪ ના ધારાસભ્ય અને મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ લોકદરબારમાં રાંક અને સોજીત્રા પરીવારના ખેડુતોએ આ પ્રશ્નની રજુઆત કરતા આ કુટુંબના ખેડુતોની રજુઆતને ગંભીરતાથી સાંભળી અંગત રસ લઈ જીણવટપુર્વક અભ્યાસ કરી છેલ્લા ૨૦ વર્ષથી તકલીફ ભોગવતા આ કુટુંબના અટક ફેરફાર અંગેના ગંભીર પ્રશ્નનું નિરાકરણ પ્રાંત અધિકારી કચેરી બગસરા તેમજ મામલતદાર કચેરી વડિયાને જરૂરી સુચના આપતા મામલતદાર કચેરી વડિયા મારફત જરૂરી હુકમ તેમજ જરૂરી નોંધ કરી આપવામાંઆવેલ છે.અટક ફેરફારને લગતા ગંભીર પ્રશ્નનો કૌશિકભાઈ વેકરીયા તરફથી ઉકેલ કરી આપવામાં આવતા વડિયાના રાંક અને સોજીત્રા પરીવાર દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### અમરેલી જિલ્લા વિધાસભા સંચાલિત

## અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજનું બીએ સેમેસ્ટર-૨નું ઉજજવળ પરિણામ

**મોંઘીબા મહિલા કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમ મેળવ્યો**



અમરેલી,અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘી બા મહિલા કોલેજનું બીએ સેમેસ્ટર -૨નું ઉજ્જવળ પરિણામ આવ્યું છે. ૩૩ વર્ષથી કાર્યરત માતૃશ્રીમોંઘીબામહિલાકોલેજદ્વારાબીએ સેમેસ્ટર-૨ની પરિક્ષામાં પ્રથમ ત્રણમાં મહેતા પ્રાંજલ સંજયભાઈ ૮૫.૮૨ ટકા, પરમાર મોનિકા કરશનભાઈ ૮૪.૧૮ ટકા, અને સૈયદ સિમાબાનુ મહેબુબઅલીએ ૮૪.૦૦ ટકા મેળવી ગૌરવ વધાર્યુ છે. કોલેજની ૧૧૧માંથી ૧૧૦ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટ્રીકશન મેળવી વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. ઉર્તીણ થનાર તમામને તથા વિશેષસિધ્ધીપ્રાપ્તકરનારપ્રથમત્રણનંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને તથા અંગ્રેજી ડિપાર્ટમેન્ટને અમરેલી જિલ્લા વિદ્યાસભા પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, વી. એન. પેથાણી, ડો.બી.આર.ચુડાસમાઅનેસ્ટાફ પરિવારે શુભકામનાઓ પાઠવ્યાનું પ્રિન્સીપાલે જણાવ્યું છે.

### સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા

## રાજયમાં અંડર-૧૭ બેઝબોલ સ્પર્ધામાં સાવરકુંડલાની ટીમે ત્રીજુ સ્થાન મેળવ્યું

**સાવરકુંડલા ગુરૂકુળનું રાજ્ય કક્ષાએ ગૌરવ વધાર્યુ : અભિનંદનની વર્ષા**



સાવરકુંડલા, (સૌરભ દોશી)

ભારતસરકારદ્વારા ૬૮મીસ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ગુજરાત સરકાર અંડર -૧૭બેઝબોલ રમત માંબહેનોની સ્પર્ધાડીસા (બનાસકાંઠા)મુકામે રાજ્ય કક્ષા નું આયોજન જિલ્લા રમત ગમત અધિકારી શ્રી ગાંધીનગર દ્વારા થયેલ તારીખ ૯/૧૧/૨૦૨૪રોજ અમરેલી જિલ્લા ની ટીમ માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા સંસ્થા ની સમગ્ર સ્કૂલ ની ટીમ ગુજરાત રાજ્ય માં ત્રીજું સ્થાન મેળવ્યું છે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા નુ નામ રોશન કરેલ છે જેમાં ગુરુકુળ શાળા નાં રમત ગમત નાં કોચ તરીકે શ્રી દીપક ભાઈ વાળા તથા ઝાલા ભાઈ એ ખૂબજ તનતોડ મહેનત કરી વિજય મેળવ્યો છે તેમજ તેઓ વિદ્યાર્થી ઓ નાં સર્વાંગી વિકાસ માં ખૂબજ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.ગુરુકુળ શાળાની ટીમ વિજેતા થતાં જે માટે સંસ્થા ના વડા પૂજ્ય ભગવત પ્રસાદ દાસજી સ્વામી તથા ગુરુકુળ નાંપ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત સ્વામી, શાળાના ટ્રસ્ટી શ્રીઓ તેમજ વિવિધ શાળા નાં પ્રિન્સિપાલશ્રી ઓ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ તકે ગુજરાત બેઝબોલ ફેડરેશન ઓફ ગુજરાત નાં સેક્રેટરી શ્રી અનિકેતભાઈ તેમજ ફેડરેશનના હોદેદાર શ્રીઓનો પણ ખૂબ આભાર માનીએ છીએ.

## સાવરકુંડલામાં બાળકીને હૃદયની તકલીફ થતા સફળ સર્જરી કરાઇ

**યુએન મહેતા હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન કરી અપાયુ**



સાવરકુંડલા, (સૌરભ દોશી)સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામમાં સહજાનંદ નગર પર રહેતા ક્રિષ્નાબેન ચેતનભાઈ ટાંકને ત્યાં સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખાતે ત્યાં બેબી નો જન્મ થયેલ અને તેને જન્મ જાત હૃદય ની બીમારી જણાયેલ આ બાબતની જાણ સાવરકુંડલા આર. બી .એસ.કે . ટીમના ડો.ત્વેક પટેલ તથા ડો. મનીષા પટેલ ને થતાં તેઓએ સંદર્ભ કાર્ડ અને જરૂરી ડોક્યુમેન્ટ તથા જિલ્લા કક્ષાએથી મંજૂરી લેવરાવી અમદાવાદ યું એન મહેતા હોસ્પિટલ ખાતે ઓપરેશન કરાવેલ અને તેનું સફળ ઓપરેશન ફ્રી માં થયેલ . આ ઓપરેશન માટે બાળકના પિતા ચેતનભાઈ ટાંક એ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ જોશી , આર.સી .એચ. ઓ. ડો. સાલ્વી તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીના અને આર. બી.એસ.કે ટીમ તેમજ ઓપરેશન માટે જીલ્લા કક્ષાએથી શાળા આરોગ્ય વિભાગ એમ. કે. બગડાભાઈ અને બી.કે. શનિસ્વરભાઈ ઉપયોગી થયાં હતા

